Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૩ • તા. ૨૬ માર્ચ ૨૦૧૮ થી ૦૧ એપ્રીલ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

શ્રી કચ્છી દશા ઓશવાલ વિધાર્થી સંઘ – મુંબઇ

## SHREE K.D.O. STUDENTS ASSOCIATION

આભાર ની મહાઆરતી.
વિદ્યા ની દેવી મા શારદા ના શ્રદ્ધા ભકતો.
જય જય શ્રી જ્ઞાતિમૈયા.

આત્મીયતા થી જણાવવાનું કે બે વર્ષ અગાઉ ઈ. ૨૦૧૬-૧૮ સુધી શ્રી કરછી દશા ઑસવાલ વિધાર્થીસંધ ના પ્રમુખ, ઉપપ્રમુખ, માનદમંત્રી ના પદની રૂએ અમે સંશ્થાના સંરક્ષણ, સંસ્કરણ અને સુસંચાલન માટે જયારે જયારે આપની સમક્ષ કોઈપણ કાર્ય માટે મદદની મુઠી માંગી, ત્યારે ત્યારે આપશ્રીએ અમને ખોબો ભરીને આપ્યું, ખુશખુશાલ કરી "તથાસ્તુ" ના આશિષે હેત અને હૂંફ થી તંદુરસ્ત રાખતા અમે સંશ્થાની હેતુ લક્ષી પ્રવૃતીઓ જેવી રીતે બૂકબેન્ક, નોટબુક વિતરણ યોજના, મેળો, જઝબા, રમત ગમત, પિકનિક, વગેરે પ્રવૃતીઓને ધબકતી અને રણકતી રાખી સૌ જ્ઞાતિજનોને સંતુષ્ટ રાખી શક્યા એમાં આપની સુભેરછક લક્ષ્મીનો અગ્રભાવ છે.

...અનુસંધાન છેલ્લા પાને

### APRIL - 2016 ADVENTUROUS SUMMER CAMP 2016





### MAY - JULY 2016 NOTEBOOK VITRAN YOJNA 2016





## AUGUST - 2016 BRIDGING THE GAP





## SEPTEMBER - 2016 SHUBHARAMBH NAVRATRI 2016





## DECEMBER - 2016 LAKSHYA - AIM TO WIN (SPORTS DAY)





## OCT - 2016 SHARAD POORNIMA, DIWALI, CHILDREN'S DAY NOV - 2016








## BOLLYWOOD NIGHT WITH NAITIK NAGDA | D.M.I.T. (MAY 2017)






## MARCH - 2017 LADIES SPECIAL - WOMEN'S DAY CELEBRATION 2017






## MAY - 2017 KIDS SUMMER CAMP 2017





## MAY - JULY 2017 NOTEBOOK VITRAN YOJNA 2017






## JULY - 2017 VAHU HI-FI SASU WI-FI (GUJARATI NATAK)






## SEPTEMBER - 2017 SHUBHARAMBH NAVRATRI 2017





VISAMO GROUP - PARIWAR - MULUND

# વિસામો ગ્રુપ પરિવાર-મુલુન્ડ

ધાંધલ ધમાલ ભરી જીંદગીમાં જરૂરી છે આત્મીયતા વચ્ચે થોડો "વિસામો"... પ્રસ્તુત કરે છે.....

નાટક, પીકચર, ઓરકેસ્ટ્રા અને જમણવાર...

વર્ષ દરમ્યાન ૧૭ પ્રોગ્રામો...

:: વર્ષ ૨૦૧૮ મેમ્બરશિપ ફી ::

| ગોલ્ડ ફીક્સ મેમ્બર | ચાઈંડ મેમ્બર | રેગ્યુલર મેમ્બર |
|---|---|---|
| રૂા. ૬,૫૦૦/- | રૂા. ૫,૫૦૦/- | રૂા. ૪,૫૦૦/- |

: સંપર્ક :

| એલ. ડી મૈશેરી | દિપક મોમાયા | મહેશ દંડ | રાજેશ હેફા | લિતીન મોમાયા |
|---|---|---|---|---|
| 98924 50358 | 93236 48398 | 97692 60739 | 96196 98717 | 97698 88773 |

LD Master એલ. ડી. માસ્ટર, દુકાન નં. ૩, ગ્રાઉન્ડ ફલોર, ઓમ સાઈનાથ સુરેન્દ્ર નિવાસ, આર. એચ. બી. રોડ, મુલુન્ડ (વે), મુંબઈ - ૪૦૦ ૦૮૦.

શુભેચ્છક
શેઠશ્રી મણીકાંત હીરજી ધુલ્લા - પ્રતાપ એક્ષલેન્સી (જખૌ-મુલુંડ)
સુંદરજી મુરજી શાહ (સણોસરા-પવઈ)

UPASANA : 9820167767


॥ શ્રી મોમાઈ માતાજી નમઃ ॥

# શ્રી મોમાઈ માતાજી મોમાયા પરિવાર સાંયરા

## મુંબઈ મધે શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડીનું ભાવભર્યું આમંત્રણ

સહર્ષ જણાવવાનું કે શ્રી મોમાઈ માતાજીની અસીમ કૃપાથી મુંબઈ મધે સંવત ૨૦૭૪ને જેઠ સુદ ૬ને **રવિવાર**, તા. ૨૦-૦૫-૨૦૧૮ના રોજ શ્રી મોમાઈ માતાજીની આઠમી સમુહ પહેડીનું આયોજન કરવામાં આવેલ છે.

**લાભાર્થી દાતા પરિવાર**

**શ્રી ડોસાભાઈ ખીમજી મોમાયા** (બારોઈ-નાસિક) **પરિવાર**
અને
**શ્રી કુંવરજી વેરશી મોમાયા** (બારોઈ-જલગામ) **પરિવાર**

સંગીતકાર :
**ભક્તિ આસાની અને સાથી કલાકારો**

| શુભ સ્થળ | -: સમય :- | -: તારીખ :- |
|---|---|---|
| શ્રી કપોળવાડી, એમ.જી. રોડ, ઘાટકોપર (વેસ્ટ) | સવારના ૯.૦૦ કલાકેથી | ૨૦-૫-૨૦૧૮ |

સાંયરામાં બિરાજમાન શ્રી મોમાઈ માતાજીને નમતા સાંયરા, બારોઇ, મોટી સિંધોડી, સુથરી, વારાપધર તથા અન્ય ગામના ભાવિકો સહપરિવાર એવમ નિયાણી બહેનો / દિકરીઓ સહપરિવાર તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા વિનંતી સહ સ્નેહરૂપી આગ્રહે ભાવભર્યું આમંત્રણ છે. **નોંધ :** પહેડી પ્રસંગે કાળા વસ્ત્રો પહેરીને નહી આવવા કાળજી લેશોજી.

સંપર્ક
શ્રી હીરાચંદભાઈ મોમાયા – 098703 36826
શ્રી દિનેશભાઈ મોમાયા – 098206 78051
શ્રી ભદ્રેશભાઈ મોમાયા – 098331 31359
શ્રી પ્રવિણભાઈ મોમાયા – 094250 89966
શ્રી શ્રેણીકભાઈ મોમાયા – 093237 85320

લી. **ભોઈમા જયાબાઈ મોમાયા તથા મોમાઈ માતાજી મોમાયા પરિવારના જય માતાજી**

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 13/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**તંત્રી સમીપે**

## ટ્રસ્ટીઓ 'અનંત સીધ્ધિ'નો પુનર્વિકાસ સર્વ સંમતિથી અને પારદર્શકપણે કરવાની પ્રતિબધ્ધતાની પ્રતીતિ કરાવશે?

એકાદ મહીના પહેલાં અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ 'અનંતસિધ્ધિ ભાડુત મંડળ'ને સંબોધિત પત્રમાં પરોક્ષ રીતે જ્ઞાતિજનોને ખાતરી આપતાં વિધાન કર્યું હતું કે તેઓ 'અનંત સીધ્ધિ'નો પુનર્વિકાસ સર્વ સંમતિથી અને પારદર્શકપણે કરવા પ્રતિબધ્ધ છે અને તે માટે તેમના સર્વ પ્રયાસો ચાલુ છે.

તે પછી, થોડા જ દિવસોમાં તેમની આ પુનર્વિકાસ માટે પ્રતિષ્ઠિત બીલ્ડર્સ-ડેવલપર્સને ટેન્ડર પ્રક્રિયામાં આમંત્રણ આપતી જાહેર નોટીસ પ્રકાશિત થઈ છે અને તે અનુસાર ટેન્ડર સુપ્રત કરવાની છેલ્લી તારીખ પણ હવે વિતી ગઈ છે. મળી રહેલા અહેવાલો પ્રમાણે બહુ ઓછી સંખ્યામાં ટેન્ડર્સ લેવામાં આવ્યા છે અને તેથી પણ ઓછા સુપ્રત થયા છે.

અહીં એ સૂચક છે કે ટ્રસ્ટીઓએ, આ પહેલાં અઢી વર્ષ સુધી કાર્યવાહી કરીને ટ્રસ્ટના ખર્ચે આ પુનર્વિકાસ કરવાના હેતુસર પ્રોજેક્ટ રિપોર્ટ બનાવી તે રીતે જ તેઓ પુનર્વિકાસ કરશે તેવો તેમનો અફર નિર્ણય હોવાનું જ્ઞાતિજનોને દર્શાવી રહ્યા હતા પરંતુ જ્ઞાતિના અગ્રણીઓ અને વ્યવસાયિકો તેમને છેલ્લા છ મહીનાથી સતતપણે, સર્વ જરૂરી કાનૂની વિધિઓ પૂરી કરીને ટ્રસ્ટનું હિત બિલ્કુલ ન જોખમાય તે રીતે યોગ્ય ડેવલપરની નિમણુંક કરવાનો વિકલ્પ અપનાવવાનું સૂચન કરતા રહ્યા છે. અલબત્ત, ટ્રસ્ટીઓએ ડેવલપરની નિમણુંક કરવાનો વિકલ્પ તો હવે સ્વીકાર્યો છે પરંતુ તેઓ સાચી દિશામાં ખોટા રસ્તે આગળ વધી રહ્યા છે તેમ કહીએ તો તેમાં ઘણું બધું આવી જાય છે.

ટ્રસ્ટીઓએ આ ટેન્ડરમાં જે શરતો મૂકી છે તે ઘણી વિચિત્ર છે અને જે શરતો મૂકવી જોઈએ અને તેમણે નથી મૂકી તે પણ આશ્ચર્યજનક છે.

આ બધી વાતે ઊંડાણમાં જવાનું અત્રે હાલ પૂરતું અપ્રસ્તુત છે પરંતુ થોડાક મહત્વના મુદ્દાઓનો તો ઉલ્લેખ થવો જરૂરી છે :

ટ્રસ્ટીઓએ ટેન્ડરમાં એવી શરત મૂકી છે કે રસ ધરાવતા બીડરે જમીનના ટાઈટલ્સની ચકાસણી પોતાની સ્વતંત્ર રીતે કરી લેવી અને ટ્રસ્ટે આપેલા દસ્તાવેજોને પણ આખરી ન સમજીને તેનાથી પ્રભાવિત થયા વિના આ ટાઈટલ્સ ચકાસી લેવા.

તેવી જ રીતે બીડરે પોતાની રીતે જમીનનો સર્વે કરીને તેનું કેટલું ક્ષેત્રફળ છે તેની પણ પ્રત્યક્ષ ચકાસણી કરી લેવી.

આ રીતે જ, ટેન્ડર ફોર્મ લઈ જનાર ડેવલપર ટેન્ડર ભરવાનું જ માંડી વાળે કે હાથ ખંખેરીને પાછો વળી જાય તેવી શરત સ્વરૂપની એવી ભૂમિકા દર્શાવાઈ છે કે ટ્રસ્ટે, આ કાર્યવાહીમાં મુંબઈ મહાજનની અને ચેરીટી કમીશ્નરની અનેક પરવાનગીઓ (ડેવલપરની નિમણુંક કરવા માટેની છેવટની પરવાનગી સિવાયની) લેવી પણ પડે તેમજ હાઈકોર્ટના ૧૯૭૨ ના આદેશનું પણ પાલન કરવાનું રહેશે.

અલબત્ત, અત્રે આ પહેલાં પર વારંવાર સૂચવાયું છે તે અનુસાર આ પુનર્વિકાસની કોઈ પણ વિધિ કરવા પહેલાં સૌ પ્રથમ તો હાઈકોર્ટના ઉક્ત હુકમના અનુરૂપમાં અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમમાં ''સ્કીમ ફંડ ટ્રસ્ટ''ના ઉદ્દેશો અને મિલકતો વિગેરે આમેજ કરવા સહિતના સર્વ સુધારા-વધારા થવા જોઈએ અને તે માટે મહાજનશ્રીની પણ મંજુરી મેળવ્યા પછી ચેરીટી કમીશ્નર પાસેથી તે સુધારિત સ્કીમ સ્વીકૃત થવી જોઈએ.

એટલે આ રીતે ડેવલપર નીમવા માટે ટ્રસ્ટીઓ ટેન્ડરની કાર્યવાહી કરી રહ્યા છે તે

કાનૂની દષ્ટિએ વિસંગત ગણાય તેવી પ્રથમ દષ્ટિએ દેખા દેતી વસ્તુસ્થિતિ છતાં અને જેની એટલે કે આ સર્વ મંજુરીઓ ને તેની વિધિઓ વિષે ટ્રસ્ટીઓને જાણકારી છે તે છતાં શા માટે તેઓ તેની પૂર્તિ કરવા ઉચિત કાર્યવાહી નથી કરી રહ્યા તેમજ શું ડેવલપરની નિમણુંક કર્યા પછી આ બધી વિધિઓ કરવામાં સહજપણે ઓછામાં ઓછા આઠ થી દસ મહીના વિતી જશે તે પછી, નિયુક્ત થયેલા ડેવલપર સાથેના કરારના અનુસંધાને નિયત થયેલી રકમ કે કિંમતમાં, તે સમયની પરિસ્થિતિમાં બજાર કિંમતમાં મોટો ઉછાળો આવ્યો હશે તો ? અને જ્યારે ચેરીટી કમિશનરમાં ડેવલપરની નિમણૂંકનું સમર્થન મેળવવા માટેની છેલ્લી અરજીની સુનાવણી થશે ત્યારે હાઈકોર્ટના ઉપરોક્ત આદેશોનું પાલન ન થયાનો મુદ્દો ખુદ ચેરીટી કમિશનર પણ ઉઠાવશે અને તે અરજી ખારીજ કરશે તો ? આવા પશ્નો ને પરિસ્થિતિયોની વિચારણા ટ્રસ્ટીઓએ ઉપયુક્ત રીતે કરી નથી તેમ સ્પષ્ટ દેખાય છે અને તેઓ ઘોડાની આગળ ગાડી જોડીને ક્ષતિયુક્ત માર્ગે આગળ વધી રહ્યા છે તેમાં બે મત નથી. આ ઉપરાંત પણ, ટેન્ડરમાં અનેક બીજી શરતો અને અસ્પષ્ટતાઓને કારણે નિમણુંક થનાર ડેવલપરની તરફેણમાં પરિસ્થિતિ વધારે મજબુત થવાની અને તે રીતે ટ્રસ્ટના હિતો ગંભીરપણે જોખવાઈ જવાની પૂરી શક્યતા છે.


| પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST | | | |
|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.


ઉક્ત ટેન્ડરની જોગવાઈઓ મુજબ, નિયુક્ત થયેલા ડેવલપરે, ચેરીટી કમીશ્નરમાં જે જે મંજુરીઓ મેળવવાની છે તેની અરજીઓ, ટ્રસ્ટના નામે કરવાની રહેશે. પબ્લીક ટ્રસ્ટને લગતો કાયદો આવ્યાને સિતેર વર્ષ થયા છે તે દરમ્યાન આજ સુધી કોઈ પણ ટ્રસ્ટે આ રીતે નિયુક્ત થયેલા ડેવલપરને જ ચેરીટી કમીશ્નર સમક્ષની કાર્યવાહીઓ કરવા સત્તા કે અધિકાર આપ્યા નથી. આ સર્વ વિધિઓ સંબંધિત ટ્રસ્ટીઓ પોતે જાતે જ કરતાં રહ્યા છે. આ અભૂતપૂર્વ અને દેખીતી જ રીતે ટ્રસ્ટના હિતોને નૂકસાનકારક જોગવાઈ રાખીને ટ્રસ્ટીઓ તેમની પોતાની જ વિશ્વસનીયતાને ઉંધે માથે પટકી રહ્યા છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

અત્રે એ પણ સૂચક છે કે ગયા વર્ષે ટ્રસ્ટીઓએ 'અનંત સિધ્ધિ'નો પુનર્વિકાસ ટ્રસ્ટના ખર્ચે કરવાથી એકસો બત્રીસ કરોડની લાગત સામે ટ્રસ્ટને સાડા ચાર કરોડની ચોખ્ખી આવક થશે તેવી રજુઆત કરીને ચેરીટી કમીશ્નરની મંજુરી મેળવવા જે અરજી કરેલી અને જે ગત નવેમ્બરમાં ચેરીટી કમીશ્નરે ખારીજ કરી હતી અને જેની જાણકારી 'પ્રકાશ-સમીક્ષા'ને કારણે ટ્રસ્ટીઓને અઢી-ત્રણ મહીના પછી મળેલી તે અરજી પણ એક ટ્રસ્ટીએ ટ્રસ્ટના નામે કરી હતી અને તેની વખતોવખતની સુનાવણીની તારીખોથી તેમજ તે પરના ચૂકાદાથી પણ ટ્રસ્ટ કાર્યાલય કે અન્ય ટ્રસ્ટીઓને બીનમાહિતગાર રખાયા હતા અને વળી કોઈ પણ એડવોકેટની નિમણુંક કર્યા વિના તે સંબંધિત મુખ્ય ટ્રસ્ટીએ જ એ અરજીની સુનાવણી દરમ્યાન, ટ્રસ્ટને આ પ્રકલ્પ દ્વારા ફક્ત સાડા ચાર કરોડ જ મળી શકશે, તેનાથી વધારે નહીં, તેવી જાણી જોઈને સદંતર ખોટી, વાહિયાત અને બદઈરાદાપૂર્વકની દલીલો કરી હતી. આ પ્રકારે ટ્રસ્ટના નામે કાર્યવાહી કરનાર

ટ્રસ્ટી અને આવી કાર્યવાહી કરવા સંમતી આપનાર અન્ય ટ્રસ્ટીઓએ ઉપરોક્ત ખારીજ થયેલ અરજી દ્વારા બેહદ અપ્રમાણિક્તા અને બેદરકારી બતાડી દીધી છે અને હવે આ રીતે ટ્રસ્ટની જમીનમાં જેનું સ્થાપિત હિત નક્કી કરાયું હોય તે જ ડેવલપરને આવી અરજીઓ ટ્રસ્ટના નામે કરવાનો અધિકાર આપતા હોય તેને તો ટ્રસ્ટીઓની અંતિમ હદની અપરિપક્વતા કે બાલિશતા કહીએ તો તે પણ અલ્પોક્તિ ગણાશે.

ઉક્ત ટેન્ડરમાં આવી અન્ય ઘણી જોગવાઈઓ અને અસ્પષ્ટતાઓ છે જે ટ્રસ્ટના હિતોની સુરક્ષિતતા સામે ગંભીર અડચણો ઊભી કરી શકે તે પ્રકારની છે પરંતુ તેનું વિગતવાર વિવરણ આ તબક્કે અપ્રસ્તુત કે કસમયનું ગણીએ.

'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસ બાબતે જ્ઞાતિ અગ્રણીઓ સાથેની ટ્રસ્ટીઓની છેલ્લી સભા ગત ડિસેમ્બરમાં યોજાઈ તે પછી ટ્રસ્ટીઓએ પંદરેક જ્ઞાતિ અગ્રણીઓ અને વ્યવસાયિકોની એક પેટા સમિતિ કે સલાહકાર સમિતિ નીમી હોવાની ખાતરી એક મુખ્ય ટ્રસ્ટીએ જ્ઞાતિના એક વરિષ્ઠ નિષ્પક્ષ અગ્રણીને આપી હતી. ટ્રસ્ટીઓ 'અનંતસિધ્ધિ'નો પુનર્વિકાસ સર્વ સંમતિથી અને પારદર્શકપણે કરવા પ્રતિબધ્ધ છે તેવું તેમણે આપેલું વચન કે આશ્વાસન આપ્યાને હજી એકાદ મહીનો જ થયો છે તે દરમ્યાન તેમણે આ ટેન્ડર બહાર પાડ્યા છે જે માટે તેમણે આ પેટા સમિતિના સભ્યોને કે જ્ઞાતિને વિશ્વાસમાં ન લઈને પોતાની ઉક્ત વચનબધ્ધતાને તેઓ ઝાંખી પાડી રહ્યા છે.

ટ્રસ્ટીઓએ આ રીતે પ્રારંભ કરેલ અણઘડ, અધકચરી અને ઉતાવળી કાર્યવાહીને કારણે જ્ઞાતિના અનેક નિષ્પક્ષ અગ્રણીઓ તેની તીવ્ર આલોચના કરી રહ્યા છે તે સ્વાભાવિક છે.

છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન 'અનંતસિધ્ધિ' સહિતની ટ્રસ્ટની વિવિધ મિલકતો બાબતે ટ્રસ્ટીઓએ તેમની અક્ષમતા અને બીનકાર્યક્ષમતાને કારણે ટ્રસ્ટીપદ પર ચાલુ રહેવાનો નૈતિક અધિકાર ક્યારનો ગુમાવી દીધો છે. તે છતાં, ફરીથી તેઓ 'અનંતસિધ્ધિ'ના પુનર્વિકાસની કાર્યવાહી અંગે પણ ટ્રસ્ટને ગંભીર ક્ષતિયુક્ત માર્ગે લઈ જઈને તેમની વિશ્વસનીયતા પર વધારે ઘેરો પ્રશ્નાર્થ મૂકી રહ્યા છે.

આશા રાખીએ કે ટ્રસ્ટીઓ આવી પરિસ્થિતિમાં પોતે સર્વ સંમતિથી અને પારદર્શકતાથી ટ્રસ્ટનો વહીવટ કરવા પ્રતિબધ્ધ છે તેની જ્ઞાતિને સત્વરે પ્રતીતિ કરાવશે. – રા.


Form IV

(See rule 8)

Statement about ownership and other particulars about CDO PRAKASH SAMIKSHA.

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | C/o. Raichand R.Nagda, 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 2. Periodicity of publication | : | Weekly |
| 3. Printer's Name | : | Smt. Damayanti Dashrath Rajbhar Partner, The New Millenium Printers |
| Nationallty | : | Indian |
| Address | : | The New Millenium Printers, 314, Mathurdas Mill Compound, N.M.Joshi Marg, Lower Parel, Mumbai - 400 013 |
| 4. Publisher's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 5. Editor's Name | : | Raichand R.Nagda. |
| Nationality | : | Indian |
| Address | : | 13 A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |
| 6. Name & Address of Owner | : | C.D.O.PRAKASH SAMIKSHA SAMITI C/o. Raichand R.Nagda,13-A, 29/41,Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg, Fort, Mumbai - 400 001. |

I, Raichand R.Nagda, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date : 26-03-2018

sd/-

Raichand R.Nagda.

Signature of Publisher

|| શ્રી અનંતનાથાય નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ
## શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડો
## શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘ - ઘાટકોપર

# ધ્વજા મહોત્સવ

શ્રી અનંતનાથજી દેરાસર, અનંતછાયા, ઘાટકોપરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ચૈત્ર વદ-૯ સોમવાર તારીખ ૯-૪-૨૦૧૮ થી ચૈત્ર વદ-૧૧ બુધવાર તા. ૧૧-૪-૨૦૧૮ સુધી **ત્રિહાન્હિકા મહોત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે.

**શુભ આશિષમય આજ્ઞા પ્રદાતા :**

**પ.પૂ. તપસ્વીરત્ન તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**

**પાવનકારી નિશ્રા :**

**પ.પૂ. અમિતપ્રજ્ઞાજીશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ. તત્વપૂર્ણાશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા. આદિઠાણા, પ.પૂ. હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા**
**પ.પૂ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.**

- સોમવાર તા. ૯-૪-૨૦૧૮ના બપોરે ૨.૩૦ કલાકે **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા** અનંતછાયા મહિલા મંડળ ભણાવશે

- મંગળવાર તા. ૧૦-૪-૨૦૧૮ના ૮.૦૧ કલાકે **શ્રી અઢાર અભિષેક મહાપૂજન** શ્રી નરેન્દ્રભાઈ નંદુ ભણાવશે. પૂજન દરમ્યાન ધ્વજાના ચડાવા લેવામાં આવશે. (શ્રી અનંતનાથજી, શ્રી આદેશ્વરજી, શ્રી મુનિસુવ્રત સ્વામી)
  રાતના ૮.૦૦ કલાકે અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી **શ્રી મહાકાલી માતાજીની ભાવના** શ્રી હંસકુમાર મૈશેરી અને સાથી કલાકારો ભણાવશે.

- બુધવાર તા. ૧૧-૪-૨૦૧૮ના **સત્તરભેદી પૂજા** સવારે ૭.૦૦ કલાકે તથા **ધ્વજારોહણ** શુભમુહૂર્તે સકળ શ્રી સંઘની નવકારશી રાખેલ છે.
  રાતના ૮.૦૧ કલાકે **શ્રી અનંતનાથ ભગવાનની ભક્તિ ભાવના** શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને સાથી કલાકારો ભણાવશે.

અઢાર અભિષેકના ચડાવાની ઉછામણી માટે મહેતાજી શ્રી ચીમનભાઈ છેડાનો સંપર્ક કરવા વિનંતી.
(અનંતછાયા રૂમ નં. ૧૦૩)

શ્રી અનંતનાથજી, શ્રી ચંદ્રપ્રભ સ્વામી, શ્રી શાંતિનાથજી, શ્રી આદેશ્વરજી, શ્રી મુનિસુવ્રત સ્વામી અને શ્રી ગૌતમસ્વામીના અઢાર અભિષેકના ચડાવા લેવાની ઈચ્છા ધરાવનાર ભાગ્યશાળી પરિવારે તા. ૦૫-૦૪-૨૦૧૮ના સાંજના ૬.૦૦ વાગ્યા સુધી મહેતાજીનો સંપર્ક કરવા વિનંતી.

શ્રી મહાકાલી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી, શ્રી પદ્માવતી દેવી, શ્રી અંકુશા દેવી તથા શ્રી પાતાલ યક્ષના અઢાર અભિષેકનો નકરો રૂા. ૨,૧૦૦/- રાખેલ છે.

**પ્રણામ** **જય જિનેન્દ્ર**

## સુમતિ મોરારજી : આત્મકથા

આજે જ્યારે મને પદ્મભૂષણ એવૉર્ડ આપણા રાષ્ટ્રપતિ શ્રી વી.વી. ગીરીના હાથે આપવામાં આવી રહ્યો છે ત્યારે હું દિલ્હી આવી છું. મારી સાથે શાંતિકુમાર મોરારજી છે. જેમણે મને અહીં સુધી પહોંચવાનો રસ્તો ઉઘાડી આપ્યો. એક પતિ તરીકે એમણે હંમેશાં મને સહકાર આપ્યો એટલું જ નહીં, મને આગળ રાખી અને દરેક વખતે મારા નિર્ણયમાં પોતાની સંમતિ આપી. સાચું પૂછો તો મારા લગ્ન કર્યા ત્યારે મારી ઉંમર ખૂબ નાની હતી. ૧૩ વર્ષની વયે હું પરણીને આવી ત્યારે મારા સસરા શ્રી નરોત્તમ મોરારજીએ મારા માથે હાથ મૂકીને કહેલું, ‘‘તું જે ઘરની પુત્રવધૂ થઈને આવી છે એ ઘર ભારતના એવા ઘરોમાંનું એક છે જેની તરફ સહુ મીટ માંડીને જુએ છે. અહીં માત્ર ધન નથી, લક્ષ્મી છે. સંપત્તિ નથી, સંસ્કાર છે... તારે એ સંસ્કારનો અને લક્ષ્મીનો વારસો જાળવવાનો છે.’’ મેં એ વાતને બહુ ગંભીરતાથી લીધી નહીં. હું ઉંમરમાં નાની હતી પણ મારો ઉછેર અને સમજણ મારી ઉંમરના પ્રમાણમાં ઘણાં વધારે હતા એમ મારા પરિવારમાં સહુ કહેતા. મારું મૂળ જન્મનું નામ યમુના બદલીને એમણે ‘સુમતિ’ પાડ્યું. એ પણ ચુસ્ત વૈષ્ણવ હતા એટલે અમારા પરિવારમાં મારા આગમનથી સુબુદ્ધિ, સુમતિ અને સંપત્તિ આવશે એવા વિચાર સાથે એમણે મને યમુનામાંથી સુમતિનું નામ આપ્યું.



વનિતા વિશ્વ

મારા પિયરનું નામ યમુના. મારા પિતા મથુરાદાસ ગોકુળદાસ ગર્ભશ્રીમંત હતા. મારે છ ભાઈઓ હતા. સાતમા સંતાન તરીકે જ્યારે દીકરીનો જન્મ થયો ત્યારે મારું નામ યમુના પાડવામાં આવ્યું. મારા પિતાને હું બહાર જાઉં તે અનુકૂળ નહોતું, પરંતુ મારા ભાઈઓનું શિક્ષણ જે રીતે ચાલતું હતું તે રીતે જોતાં મારી મા પ્રેમાબાઈએ મારા શિક્ષણનો આગ્રહ રાખ્યો. મારું શિક્ષણ ઘરમાં જ શરૂ કરવામાં આવ્યું. ઘેર રહીને ગુજરાતી, હિન્દી, મરાઠી, અંગ્રેજી, સંસ્કૃત તેમજ વ્રજ ભાષાનો અભ્યાસ કરાવ્યો. પુષ્ટિમાર્ગ માટે હવેલી સંગીત અને ગૌશાળાની તાલીમ પણ મારા પિતા તરફથી મને આપવામાં આવી. ભાઈઓ સાથે ઉછરવાનો એક સૌથી મોટો ફાયદો એ થયો કે મને ઘોડેસવારી, ક્રિકેટ, હોકી અને વ્યવસાયની તાલીમ પણ મારા ઉછેરમાં જ મળી.

તેર વર્ષની ઉંમરે જ્યારે મારા લગ્ન કરવામાં આવ્યા ત્યારે મને લગ્નજીવન વિશે બહુ સમજ નહોતી. મારા સસરા ટેક્સટાઈલ અને વહાણવટાના બહુ મોટા ઉદ્યોગપતિ હતા. નરોત્તમ મોરારજી પરિવાર ભારતના બહુ આગળ પડતા પરિવારોમાંનો એક હતો. મારા પિતાએ જ્યારે લગ્ન નક્કી કર્યા ત્યારે એમણે મારા સસરાને કહેલું, ‘‘અમે એને ઘરકામની તાલીમ તો આપી જ છે, પરંતુ સાથે સાથે એ બીજું ઘણું જાણે છે. તમે જો એનો સાચો ઉપયોગ કરી શકશો તો મારી દીકરી તમારા પરિવાર માટે એક રત્ન જેવી નિવડશે.’’

મારા સસરા નરોત્તમ મોરારજીએ આ વાત બરાબર ગાંઠે બાંધી. સમય જતાં એમણે મને વ્યવસાયિક ચર્ચાઓ અને પારિવારિક વાતચીતમાં હાજર રાખવાનું શરૂ કર્યું. મારા પતિ શાંતિકુમાર અને સસરા જ્યારે સવારે ઓફિસ જતાં પહેલાં નાસ્તો કરતા હોય ત્યારે મારે ત્યાં હાજર રહેવું એવો મારા સસરાનો આગ્રહ રહેતો. એ વખતે એમની વાતચીતમાંથી હું ઘણું સમજી અને શીખી. મારા સાસુએ મને બાળક હોવા વિશે બે-ચાર વાર સમજાવી, અમે પ્રયાસ પણ કર્યો, પરંતુ કોઈક કારણસર લગ્નજીવનના સાત વર્ષ દરમિયાન હું મા બની શકી નહીં. મારા સાસુમાને એ વાતનો ઘણો અફસોસ રહ્યો. એમને એવું પણ લાગતું કે હું કારકિર્દી અને વ્યવસાયમાં વ્યસ્ત રહું છું એને કારણે હું પારિવારિક જવાબદારીઓ પરત્વે બેધ્યાન અને બેજવાબદાર છું પણ મારા સસરા મને સમજતા. એમણે મને કહેલું, ‘‘સિંધિયા સ્ટીમશિપ નેવિગેશન કંપની અને ગોકુળદાસ ટેક્સટાઈલ મિલ તારા સંતાનો જ છે. એમાં કામ કરતા અસંખ્ય કામદારોના પરિવારોની તું મા જ છે. એકાદ વારસદારને જન્મ ન આપી શકે તો એ વિશે અફસોસ કરવાને બદલે દેશને ઉત્તમ નાગરિક આપવાનું કામ કરજે.’’ એમની વાત યાદ રાખીને મેં સુમતિ વિદ્યા કેન્દ્ર સ્કૂલ શરૂ કરી. ઈસ્કોનની અનેક શાળાઓને પણ મેં ફન્ડિંગ કરવાનું કામ કર્યું. ૧૯૨૩માં જ્યારે હું ૧૪ વર્ષની હતી ત્યારે મારા સસરાએ મને ઓફિસ લઈ જવાનું શરૂ કર્યું. એમને મારામાં ઘણો વિશ્વાસ હતો. પરદેશથી આવતા મહેમાનો અને વ્યવસાયને લગતી મીટિંગમાં પણ એ મને હાજર રાખતા. ૨૦ વર્ષની થઈ ત્યાં


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



શ્રી મહાવીર એમ્બ્રોઈડરી
માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537
• સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
• રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
• ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
• એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર
સોમવાર બંધ

સુધીમાં મારા સસરાએ મને સિંધિયા સ્ટીમશિપ નેવિગેશન લિમિટેડમાં ભાગીદાર તરીકે સાથે લીધી. એમણે મારા પતિને સત્તાવાર રીતે આ વિશે પૂછેલું. મારા પતિએ કહ્યું, ''હું સમજું છું કે એ ઘણી જ કુશળ અને જવાબદાર છે. એના કંપનીમાં આવવાથી મને ફાયદો જ થશે...'' એ પછી લગભગ છ વર્ષ સુધી મારા સસરાના હાથ નીચે તૈયાર થઈ. ૧૯૨૯માં અચાનક મારા સસરા નરોત્તમ શેઠનું અવસાન થયું. મારા પતિ શાંતિકુમાર મોરારજી સિંધિયા સ્ટીમશિપ કંપનીના ચેરમેન બન્યા.

મારા પતિએ મને જોઈન્ટ ડાયરેક્ટર બનાવીને ઓફિસમાં સંપૂર્ણ જવાબદારી સોંપી દીધી. એમણે ટેક્સટાઈલ મિલ ઉપર ધ્યાન આપવા માંડ્યું. જ્યારે સિંધિયા સ્ટીમશિપ નેવિગેશનની આખી યે વ્યવસ્થા મારા હાથમાં આવી. ભારતીય ઉદ્યોગના ઈતિહાસમાં એક મહિલા તરીકે આ પહેલું અને મહત્ત્વનું સ્થાન હતું. હું ગુજરાતી સાડી પહેરીને, માથે ઓઢીને જ્યારે સ્ટીમશિપ નેવિગેશન કંપનીની પરિષદોમાં હાજરી આપતી ત્યારે અંગ્રેજ, ઈટાલિયન અને ગ્રીક લોકો મારી સામે નવાઈથી જોતા. હું ભણેલી હતી માટે મારી વાત અંગ્રેજીમાં રજૂ કરી શક્તી એટલું જ નહીં, ગુજરાતી અને મરાઠી જાણતી હોવાને કારણે મારા કામદારો સાથે અને લેબર યુનિયન સાથે પણ હું સહજ રીતે વાત કરી શક્તી. સ્ત્રી હોવાને કારણે એ લોકો મારી આમન્યા જાળવતા અને હું પણ કદાચ એમની પારિવારિક સમસ્યાઓને વધુ સારી રીતે સમજી શક્તી હતી...

મારા નેતૃત્વ હેઠળ સિંધિયા સ્ટીમશિપ નેવિગેશન કંપનીએ પ્રગતિ કરવા માંડી...

હું જે સમયની વાત કરું છું એ સમયે મહિલાઓ તો ઘરની બહાર જ નહોતી નીકળતી. રસોડું અને સંતાનના ઉછેર સિવાય બીજું કંઈ કરવાનું એક સ્ત્રીને શીખવવામાં જ આવતું નહીં. મારા માતા-પિતાએ મને ભણાવી એટલું જ નહીં, મને જિંદગી જીવવા માટે તૈયાર કરી... મારા માતા-પિતાનો જેટલો આભાર માનું એટલો ઓછો પણ સાથે સાથે મારે મારા સસરાનો પણ આભાર માનવો જોઈએ કે જેમણે મને ઘરમાં પૂરી રાખવાને બદલે વ્યવસાયમાં આમંત્રિત કરી. પોતાના નેતૃત્વ હેઠળ તૈયાર કરી અને આગળ વધવાની પ્રેરણા આપી...

૧૯૨૯માં મારા સસરા નરોત્તમ શેઠનું અવસાન થયું. એમનું વીલ ખોલ્યું ત્યારે જાણીને આશ્ચર્ય થયું કે એમણે પોતાનો તમામ હિસ્સો મારા નામે કર્યો હતો. એટલે સિંધિયા સ્ટીમ નેવિગેશનની બેવડી જવાબદારી મારા માથે આવી. મારા ભાગનો હિસ્સો અને મારા સસરાના ભાગનો હિસ્સો મળીને મને સિંધિયા નેવિગેશનની મેનેજિંગ ડિરેક્ટર તરીકે ચૂંટવામાં આવી. કોઈ ભારતીય મહિલા આટલી મોટી કંપનીની મેનેજિંગ ડિરેક્ટર બની હોય એવી આ પ્રથમ ઘટના હતી. સમગ્ર વિશ્વમાં ફેલાયેલી વિશાળ સંસ્થાના સંચાલક તરીકે જવાબદારી સંભાળતી વખતે એક વાર તો મારા હાથ ધ્રૂજેલા. મને સતત એવો વિચાર આવતો કે, આટલી મહેનત કરીને મારા સસરાએ જે સંસ્થા ઊભી કરી છે એને મારી અણઆવડતને કારણે હું ક્યાંક નુક્સાન તો નહીં કરી બેસુંને ? શરૂઆતમાં હું મારા પતિને નાની નાની વાતમાં પૂછવા જતી ત્યારે એ હસી પડતા અને કહેતા, ''તું હવે કંપનીની કર્તા હર્તા છે. મારા પિતાજીએ તને આ કામ સોંપ્યું તો કંઈક વિચારીને જ સોંપ્યું હશેને''

સિંધિયા સ્ટીમ નેવિગેશન એ સમયે ખૂબ આગળ વધી રહી હતી. ૧૯૪૭માં મને કંપનીની વહીવટી સંચાલક તરીકેની આઝાદી મળી. ભારત સરકારે જ્યારે વહાણવટા ઉદ્યોગનું રાષ્ટ્રીકરણ કર્યું ત્યારે એમાંથી સિંધિયા સ્ટીમ નેવિગેશનને બાકાત રાખવામાં આવી. બાકીની બધી કંપનીઓને ખાનગી કંપનીમાંથી સરકારી કંપનીમાં ભેળવી દેવામાં આવી જ્યારે અમારી એક જ કંપની ખાનગી કંપની તરીકે અને પારિવારિક કંપની તરીકે કામ કરતી રહી.

વીતતા સમય સાથે રાજકારણ અને ઉદ્યોગના ક્ષેત્રોમાં ઘણું બદલાયું. ટેકનોલોજી, માનસિક્તા અને નીતિમત્તાઓ પણ બદલાતી રહી. ૧૯૬૫માં અમારી પાસે ૪૩ વહાણોનો કાફલો હતો. જેમાં એક વર્ષમાં અમે લગભગ સાડા પાંચ લાખ ટન માલસામાનની હેરફેર કરતા. ૧૯૭૯થી ૮૭ સુધી મેં કંપની સંભાળી, પરંતુ ધીમે ધીમે સિંધિયા સ્ટીમ નેવિગેશન દેવામાં ડૂબતી ગઈ. બહુ બધા લોકોએ અમારા નાણાં ચૂકવ્યા નહીં. ઘણા લાંબા સમય સુધી સિંધિયા સ્ટીમ નેવિગેશનનો કાર્યભાર સંભાળ્યા પછી મેં રિટાયર્ડ થવાનું નક્કી કર્યું.

સિંધિયા સ્ટીમ નેવિગેશન જ્યારે સરકારી કંપની બની ત્યારે એમણે મારા કાર્ય અને સરકાર સાથેની મારી નિષ્ઠા જોઈને મને એમેરિટસ-સન્માનપૂર્વક નિવૃત્ત થયેલી વ્યક્તિ છતાં કંપનીમાં એનો શેર ચાલુ રહે તેવી સગવડ કરી આપી.

ભારતીય વહાણવટાનો ઈતિહાસ યમુના તરીકે જન્મેલી અને સુમતિના નામે મૃત્યુ પામેલી એક સ્ત્રીને આદરપૂર્વક યાદ રાખશે એટલું મારા માટે પૂરતું છે.

**– કાજલ ઓઝા વૈદ્ય**, મુંબઈ સમાચારમાંથી સાભાર


કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય વિશે ઉપયોગી માહિતી – ૧

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) ચા અને યાદશક્તિ :** સિંગાપોરની નેશનલ ઇન્ટીટ્યુટના સંશોધકોઓ ત્યાંના ૫૫ વર્ષથી ઉપરની વયના ૯૪૭ વડીલોનો અભ્યાસ કરી તારણ કાઢ્યું છે કે રોજની ૧ કપ ચા પીવાથી યાદશક્તિની ઘોર ખોદી નાખતા ડિમેન્શિયા પ્રકારના રોગો થવાનું જોખમ અડધું થઇ જાય છે. ડિમેન્શિયા એટલે યાદશક્તિ ઓછી થવાના રોગો. જેમને જીન્સને કારણે અલ્ઝાઇમર્સ જેવા રોગ થવાનું જોખમ હોય તેમને પણ ચા પીવાનો નોંધપાત્ર ફાયદો થતો જોવા મળ્યો હતો. અલબત્ત આપણે જે દૂધ નાખેલી મલાઈદાર, મસાલા ચા લઇએ છીએ તે નહિં પણ દૂધ સાકર વગરની ગ્રીન-ટી કે બ્લેક-ટી. આ ચમત્કાર ચા ના પાંદડામાં રહેલા કેટેચિન્સ, થિયાફલેવિન્સ, થિયારુબિજિન્સ અને એલ-થિએમાઇન જેવા બાયોએક્ટીવ રસાયણોમાં રહેલું છે. આ તમામ રસાયણો એન્ટી-ઇન્ફલેમેટરી (સોજા ઘટાડે) અને એન્ટી ઑક્સિડન્ટ શક્તિ ધરાવે છે. જે મગજને લોહીની નસોના નુકશાનથી બચાવે છે અને ન્યુરોડીજનરેશન (ઉમરના લીધે થતો મગજના કોષોનો ઘસારો) થી બચાવે છે. અલ્ઝાઇમર્સ અને યાદશક્તિને લગતા રોગોવાળા દિવસમાં ૧-૨ વખત આ પ્રકારની ચા લઇ તેનો-ફાયદો મેળવી શકે. નિરોગી વ્યક્તિ પણ રોજ આ ચા લઇ ફાયદો મેળવી શકે.

**૨) બેલ્સ પાલ્સી (ચહેરાનો લકવો) :** ઓચિંતા એક તરફની આંખ બંધ કરવામાં તકલીફ પડે કે આંખના પલકારા અસાધારણ બની જાય, આંખ સુકી થઇ જાય (એક તરફની), કપાળ પર એક તરફ (ડાબી કે જમણી બાજુ) કરચલી પડતી ન હોય, બોલવામાં તકલીફ પડતી હોય, ચહેરાના એક તરફના સ્નાયુ અક્કડ થઈ ગયા હોય, ચાવવામાં કે ગળવામાં તકલીફ પડતી હોય તો તકલીફ જે તરફની હોય તે તરફનો (ડાબો કે જમણે) ચહેરાનો લકવો કે બેલ્સ પાલ્સી નામનો રોગ થયો કહેવાય. આ રોગમાં ચહેરાની એક તરફના મજ્જાતંતુ નબળા પડી જાય છે આને કારણે રોગીનો ચહેરો એ તરફનો હાવભાવ દર્શાવી શકતો નથી. આ રોગ બહુ જુનો છે. તે દશહજાર લોકોમાંથી ચાર જણને થતો હોય છે પણ આજકાલ એના વધુ કિસ્સા બનવા લાગ્યા છે. આ બિમારીનું ચોક્કસ કારણ હજી જાણી શકાયું નથી. અમુક કિસ્સામાં વાયરલ હુમલાને કારણે ચહેરાને નુકશાન પહોંચે છે. હરપીસ્ટ રોગ માટે જે વાયરસ જવાબદાર હોય છે તે બલ્સ પાલ્સી માટે જવાબદાર હોય છે તેવું તબીબોનું માનવું છે. ઘણી વખત મગજની ગાંઠ દુર કરવા માટેની સર્જરી કરાયા બાદ દરદીને ચહેરાનો લકવા લાગુ પડતો હોય છે. અકસ્માતમાં ઇજા કે માનસિક આઘાત લાગવાને પગલે પણ આ લકવો લાગુ પડે છે. ઓબેસીટી (વધુ પડતું જાડાપણું), હાઇ બી.પી., ડાયાબીટીઝ, હોય તેમને આ બિમારી લાગુ પડવાની શક્યતા વધુ છે માટે એમણે બી.પી., ડાયાબીટીઝ કંટ્રોલમાં રાખવું જોઇએ અને વજન ઉતારવાની કોશિષ કરવી જોઇએ. ફીઝીયોથેરપી (ચહેરાના સ્નાયુઓની કસરતો), બી કોમ્પલેક્સની દવાઓ અને થોડા સમય માટે સ્ટેરોઇડ થી આ બિમારીમાં ખૂબજ ફાયદો થાય છે.

**૩) તજ :** ''ઓમ્ની એક્ટીવ હેલ્થ ટેક્નોલોજીઝ'' નામની અમેરીકા સ્થિત કંપનીએ તારણ કાઢ્યું છે કે તજ હૃદયને થયેલ કાર્ડિયોવેસ્ક્યુલર ડેમેજ (હૃદય અને એની નસોને બિમારીથી થયેલું નુકશાન) ઘટાડીને હૃદયરોગનું જોખમ ઓછું કરી શકે છે. સંશોધકોએ ઉંદરો પર સતત ૧૨ અઠવાડીયા સુધી કરેલા સંશોધન પછી આ તારણ કાઢ્યું છે. તેમણે ૧૨ અઠવાડીયા સુધી ઉંદરોને ચરબીથી ભરપૂર ખોરાક આપ્યો અને એની સાથે તજમાંથી બનેલા સપ્લીમેન્ટ પણ આપ્યા. સંશોધકોએ જોયું કે ચરબીવાળો ખોરાક ખાવા છતા ઉંદરોના શરીરમાં પેટના ભાગમાં ચરબી ઓછી થઈ હતી, એમનું વજન પણ ઘટ્યું હતું અને એમના લોહીમાં સાકર, ઇન્સ્યુલીન કરતાં મોલેક્યુલ્સનું પ્રમાણ ઘટ્યું હતું. ચરબીનો સંગ્રહ કરવાની ક્રિયા ધીમી પડી હતી અને એની સામે શરીરની એન્ટીઓક્સિડન્ટ તથા એન્ટીઇન્ફલેમેટરી (સોજાવિરૂદ્ધી) સિસ્ટમ સુદૃઢ બની હતી. રોજ નાસ્તા પછી કે જમ્યા પછી નાની ૧ ચમચી તજનો પાવડર લ્યો. હુંફાળા કે સાદા પાણી સાથે લઈ તજના આ અને બીજા ફાયદા મેળવો.

**૪) રક્તવાહિનીઓના રોગ અને ફળ-શાકભાજી :** આપણું હૃદય પમ્પિંગ કરીને રક્તવાહિનીઓના નેટવર્ક (ગુંચળા) મારફતે શરીરના એકએક ખૂણે લોહી પહોંચાડે છે. જ્યારે છેવાડે આવેલા અવયવો એટલે કે હાથ-પગની રક્તવાહિનીઓ સાંકડી અને કડક થાય ત્યારે 'પેરિફેરિઅલ આર્ટરી ડીસીઝ' (છેવાડેથી શરીરને લોહી પહોંચાડતી નસોની બિમારી) નામના પીડાદાયક રોગની શરૂઆત થાય છે. છેવાડેની આર્ટરીઓ સાંકડી અને કડક થવાના કારણે રક્તનો

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટિસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

પ્રવાહ ઘટી જાય છે અને એટલે સ્નાયુઓને પુરતું પોષણ અને ઓક્સિજન મળતું નથી જેથી સ્નાયુઓ થાકી જાય છે, ચાલવાનું કે ઊભા રહેવાનું મુશ્કેલ બની જાય છે. અમેરિકાના અભ્યાસ પ્રમાણે જે વ્યક્તિ દિવસમાં ૩ સર્વિસમાં એટલે કે ૩ વખત ફળો અને શાકભાજી લે છે તેમને ફેરિફેરિઅલ આર્ટરી ડીસીઝ થવાની સંભાવના ૧૮% જેટલી ઘટે છે. અમેરિકાની ન્યુયોર્ક યુનિવર્સિટી સ્કૂલ ઓફ મેડિસિનના રિસર્ચરોનું કહેવું છે કે ફળો અને શાકભાજીમાં રહેલા ફાઈબર (રેષા) રક્તવાહિનીઓને અંદરથી સાંકડી અને કડક બનાવતા એથરોસ્કેરોસિસ જેવી બિમારી રોકે છે અને થ્રોમ્બોસિસ (લોહીનું ગંઠાવું) જેવી સમસ્યાઓને રોકે છે. ઉંમર વધવાની સાથે અને સ્મોકિંગ કરનારને આ બિમારી લાગુ પડે છે. ફળો અને શાકભાજી વધુ ખાઇ અને વ્યસન હોય તો તેનાથી દૂર રહી આ બિમારીથી બચી શકાય છે.

**૫) પ્રદુષણ અને ઉંઘ :** ઓછી, નબળી, અપૂરતી, ખલેલવાળી ઉંઘ આવવાની સમસ્યા હોય તો ફક્ત સ્ટ્રેસ કે મોબાઈલ, કોમ્પ્યુટર, લેપટોપ-ટેબ અને મોડે સુધી ચાલતી લાઇટને જ જવાબદાર ગણવામાં આવે છે પણ અમેરિકાની યુનિવર્સિટી ઓફ વૉશિંગ્ટનના રિસર્ચરોનું કહેવું છે કે હવામાંનું પ્રદુષણ વધી જાય તો પણ ઉંઘ પર એની આડઅસર થાય છે. હવામાં નાઈટ્રોજન ડાયોક્સાઇડ વાયુ અને રજકણોનું પ્રમાણ વધી જાય તો નાક, સાયનસ (નાકની આજુબાજુના પોલાણ) અને ગળાના પાછળના ભાગમાં ચચરે છે, ઈરીટેશન થયા કરે છે જેને કારણે શ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે અને ઉંઘ ઉડી જાય છે. અમેરિકાના ૬ શહેરોમાં ૫ વર્ષ સુધી ૧૮૬૩ લોકો પર અભ્યાસ કરવામાં આવ્યો. જે તે શહેર અને લોકાલીટીમાં વર્ષના ચોક્કસ દિવસોમાં પ્રદુષણનું પ્રમાણ અને અભ્યાસમાં સમાવેશ કરાયેલ લોકોની ઊંઘવાની રીત વિગત તપાસીને તારવવામાં આવ્યુ હતુ કે પ્રદુષણથી ઉંઘ પર ખરાબ અસર થાય છે અને પ્રદુષણ જેટલું વધુ એટલી વધુ ખરાબ અસર.

**૬) લાલ કાંદા અને કેન્સર :** ઉનાળામાં લુ ન લાગે માટે કાંદા ખાવા જોઇએ. આજના વૈજ્ઞાનિકોએ કાંદાનો નવો ફાયદો શોધ્યા છે. લાલ કાંદા ખાવાથી કેન્સર સામે રક્ષણ મેળવી શકાય છે એવું કેનેડાના રિસર્ચરોનું કહેવું છે. યુનિવર્સિટી ઓફ ગુએલાના ભારતીય મૂળ ધરાવતા વૈજ્ઞાનિક સહિતની ૧ ટીમે નોધ્યું છે કે કાંદામાં રહેલા ખાસ કેમીકલથી કેન્સરના કોષોનો આપ મેળે ખાતમો બોલાવી શકાય છે. અલબત્ત આ માટે કોન્સન્ટ્રેડ માત્રામાં ખાસ ઘટકોની જરૂર પડે છે. અભ્યાસુઓનું કહેવું છે કે કાંદા એ ખાસ સુપરફુડ છે માટે લાલ કાંદાનો ખાવામાં ઉપયોગ કરી કેન્સર સામે રક્ષણ મેળવીએ.


**નારી ફેશન** ઘાટકોપર
**ગીરીશ ગાલા – હેમન ગલા**
**સ્ટોક ક્લીયરંસ સેલ**
**ટ્રેડીશનલ અને ડિઝાઈનર ફેન્સી ચણીયા ચોલી, બટકસબ, પારસી, પીટાવર્ક, સાડી, ઘરચોળા, પાનેતર, બાંધણી, અને બોર્ડરનો ભરપુર સ્ટોક**
૮, લક્ષ્મી પેલેસ, ૬૦ ફુટ રોડ, અરિહંત બેંકની બાજુમાં, ઘાટકોપર (ઈ), મુંબઈ – ૭૭. ફોન : 2501 5570
રવિવાર બંધ

**૧ ગ્રામ જ્વેલરી - અમે. ડાયમંડ જ્વેલરી**
**"Exchange Offer"**
રિધ્ધી આર્ટ - દાદર (ઈસ્ટ)
તમારી જુની Imitation જ્વેલરી-ખરાબ થઈ ગયેલ જ્વેલરી, Damage જ્વેલરી, Exchange કરી મેળવો નવી જ્વેલરી.
**20% થી 50% સુધીની છૂટમાં.**
❖ ચંદનહાર, એન્ટીક સેટ, રજવાડી સેટ, અમે. ડાયમંડ પે.સેટ, ને.સેટ, બ્રેસલેટ, બંગડી, બાલી, ફેન્સી રોડીયમ બંગડી, ચેનમાં નવો સ્ટોક.
❖ ૧ સામે ૧ જ્વેલરી Exchange થશે / Condition જોઇને Discount નક્કી થશે / આ કટીંગ લઈ આવનારને **5%** નું Extra Discount.
**રિધ્ધી આર્ટ,** દાદર (ઈસ્ટ)
**મિતેષ પ્રવીણ ગોસર**
**9819160014 / 24155353**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હિમત ધનજી લાપસીયા** (PS 3651) | A/5, તરંગ કો.હા.સો., છેડા ક્રૉસ રોડ, એસ.વી. જોશી હાઈસ્કુલ પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૧. મો.: ૦૯૮૧૯૮ ૮૬૩૧૯, ૦૯૯૨૦૦ ૫૦૫૪૨ |
| **લહેરચંદ પદમશી દંડ** (PS 3745) | E/203, લારકિન્સ નગર, રાગાઈ મંદિર પાસે, ગણેશ નગર, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૦૭૪૦૦૨ ૨૦૦૬૭/૬૮ |
| **પ્રફુલ વિનોદકાંત મોતા** (PS 2357) | 9/2, વૈભવ બિલ્ડીંગ, મહાત્મા ફુલે રોડ, ભોઈર વાડી, મારૂતી મંદિર સામે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૦૯૩૨૩૬ ૦૩૭૦૩ / ૦૯૩૨૪૭ ૨૪૦૪૩ |
| **મહેન્દ્ર રાયચંદ લાપસીયા** (PS 7339) મો: ૦૮૮૦૫૫૮૯૯૯૩ | A/102, મોહિની દર્શન, મરાઠા મંદિરની સામે, મહાત્મા ફુલે રોડ, ડોમ્બીવલી (વે.)-૪૨૧ ૨૦૨. મો.: રીતેશ ૦૭૫૮૮૦૮૭૬૭૬ |
| **રાજેશ વિનોદકાંત મોતા** (PS 7340) | B-203, માતુશ્રી કો.હા.સો., નાના શંકરશેઠ રોડ, સમ્રાટ ચોક પાસે, ડોમ્બીવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૦૯૩૨૧૮ ૯૦૪૪૪ |
| **શ્રીમતી પ્રભા રાયચંદ લાપસીયા** (PS 6924) | ૧૬૭, સુમેશ કોલોની, કલામંદિર પાછળ, નાંદેડ - ૪૩૧ ૬૦૧. ફોન : ૦૨૪૬૨-૨૪૫૬૩૩ |
| **દિલીપ વેલજી દંડ** (PS 5591) | પ્લૉટ નં. ૬૦, પુરૂષોત્તમ નગર, લીટલ વંડર પ્લે સ્કુલ પાસે, બીજો સ્ટેજ, શિરૂર પાર્ક, વિદ્યાનગર, હુબલી-૫૮૦ ૦૩૧. મો.: તિલિક્ષા ૦૭૪૦૯૦ ૬૬૩૬૬ |

## જીવનચક્ર

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૩-૧૮ | મલાડ | ઈન્દીરા વિપુલ વિસરીયા | કોટડા | ૪૫ |
| ૧૪-૦૩-૧૮ | ન્યુયોર્ક | સતીષચંદ્ર ઠાકરશી હીરજી કુરૂવા | ગોધરા | ૭૪ |
| ૧૪-૦૩-૧૮ | ઘાટકોપર | મણીલાલ માણેકજી લોડાયા | જખૌ | ૮૪ |
| ૧૬-૦૩-૧૮ | હૈદ્રાબાદ | જ્યોતિ ભૂપેશ દંડ | - | ૪૭ |
| ૨૧-૦૩-૧૮ | ભાંડુપ | ભાગચંદ હીરજી નાગડા (પટેલ) | નલિયા | ૮૩ |
| ૨૨-૦૩-૧૮ | માંડવી | કાશ્મીરા વિનોદ મૈશેરી | કોઠારા | ૬૨ |

## ધર્મસંદેશ - ૧૧૯





રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

### આડી ચાવીઓ -

[૧] શત્રુંજય ઉપરની પ્રથમપોળ જે મોતીશાના વિશ્વાસુ રામજીના નામ ઉપરથી રખાઇ (૪); [૪] રાજસ્થાનના આ ગામમાં ઘણા જિનાલયો છે (૩); [૫-એ] — કલ્યાણના કામ કરો અને કરાવો (૨); [૬] દેવાલય (૪); [૮] પાણી સિવાય ત્રણ આહાર (૪); [૧૦] અકબર બાદશાહને પ્રતિબોધ કરનાર (૫); [૧૩] પાલીતાણામાં આની રચનાવાળુ જિનાલય છે (૨); [૧૪] ઋતુ પ્રમાણે — ના કાળ બદલાય (૨); [૧૫] ભરૂચ પાસે આવેલ પાર્શ્વનાથનું તીર્થ (૩); [૧૭] તીર્થંકર ભગવાનના મુખ્ય શિષ્ય (૪); [૨૦] આ સોળ છે (૨); [૨૧] પ્રભુ ભક્તિ કરતાં ભક્તિ — માં તરબોળ થઇ જાવ (૨); [૨૨] શત્રુંજય ઉપર આવેલ એક પવિત્ર વૃક્ષ (૩); [૨૫] આયંબીલની ઓળી વર્ષમાં — વાર આવે (૧); [૨૬] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨); [૨૭] આદેશ્વરને — પુત્રો હતા (૧); [૩૧] શ્રેયાંસનાથના માતાનું નામ (૪); [૩૨] એક સતી (૪)

(ઉકેલ અન્યત્ર)

### ઊભી ચાવીઓ -

[૧] આ નગરમાં અર્જુનમાળી રોજ સાત હત્યા કરતા (૪); [૨] આના ઉપર કાબુ કરવો બહુ અઘરો છે (૨); [૩] શાકભાજી માં — નું પ્રમાણ ૯૦% ટકા હોય છે માટે તિથિના દિવસે ન ખવાય (૨); [૫] ઘણા રોજ જ આ તપ કરે છે (૪); [૬] — પ્યારા, આદીનાથ ને વંદન અમારા (૩); [૭] હમણાં મોતીસાગર મહારાજ એ આપણા — છે (૨); [૯] જૈનો માં આ યાત્રાનું ખૂબજ મહત્ત્વ છે (૨); [૧૧] — ની માળા નવકાર ગણવા શ્રેષ્ઠ (૩); [૧૨] વસ્તુપાલ તેજપાલ નિર્મિત આબુ ઉપરનું જિનાલય (૬); [૧૫] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૧૬] શત્રુંજય પહાડ ઉપર આવેલ — ની ટુંક (૩); [૧૮] આ નાગ કમઠની ધુણીમાં બળતાં મૃત્યુ પામીને દેવ થયો (૪); [૧૯] વર્ષીતપ નું પારણું શેરડીના — થી થાય (૨); [૨૩] શાસન દેવ (૨); [૨૪] ગૌતમ સ્વામી ના ભાઇનું નામ (૪); [૨૮] શ્રેયાંસનાથ ના પિતા (૨); [૨૯] અહીં સાસુ વહુ ના દેરા છે (૨); [૩૦] એક તીથી પક્ષ (૨)

# ચેતક કેટરર્સ – મુંબઈ

## નીચે મુજબ ની પોસ્ટ માટે ઉમેદવાર જોઈએ છીએ.

| | |
|---|---|
| ૧) એકાઉન્ટન્ટ | બી.કૉમ + પોસ્ટ ગ્રેજ્યુએટ + ૫ વર્ષનો અનુભવ |
| ૨) માર્કેટીંગ મેનેજર | પોસ્ટ ગ્રેજ્યુએટ + ૫ વર્ષનો અનુભવ |
| ૩) એડમીનીસ્ટ્રેટીવ મેનેજર (ઓફીસ) | પોસ્ટ ગ્રેજ્યુએટ + ૫ વર્ષનો અનુભવ |
| ૪) આસીસ્ટન્ટ મેનેજર (ઓફીસ) | ગ્રેજ્યુએટ + ૩ વર્ષનો અનુભવ |

ઉમેદવાર તેમના બાયો ડેટા – અપેક્ષિત પગાર – ફોટોગ્રાફ તેમજ સર્ટિફીકેટ સાથે સોમવાર થી શનિવાર બપોરના ૧૨.૦૦ થી ૪.૦૦ સુધીમાં રૂબરૂ મળો.

**શ્રી શૈલેષભાઈ પારેખ**

## ચેતક કેટરર્સ

**૪૦૬, નવયુગ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,**

**ટોકરશી જીવરાજ માર્ગ, શીવરી, મુંબઈ – ૪૦૦ ૦૧૫.**

**ફોન : 2411 0592 / 93**

## વતનના વહેણ : અબડાસાની ભૂમિમાં ૭૨ કરોડના ઘઉંનું ઉત્પાદન

અબડાસામાં ગત ચોમાસું સારું જતાં મોટા ભાગની નાની સિંચાઇ યોજના, બે મધ્યમ સિંચાઇ યોજના અને દસેક જેટલા બંધારા છલકાવાની સાથે ચોમાસા પછી ભૂગર્ભ જળ ઉપર આવતા બોરનું પાણી પણ ઊંચે આવ્યું હતું. પિયત ખેતીવાળા ૯૫થી ૯૭ ટકા વિસ્તાર (બોર આધારિત) ૩૦ થી ૩૫ ગામોની પિયત જમીન ઉપરાંત નાની, મધ્યમ, બંધારા સિંચાઇ યોજના આધારિત વિસ્તારમાં ગત ૧૫ નવેમ્બરથી ડિસેમ્બર માસ સુધી રવી પાક ઘઉંનું ૩૦ થી ૩૫ હજાર એકર જમીનમાં વાવેતર કરાયા પછી હવે રવી પાક ઘઉંનો ફાલ ઊતરવાનું આરંભાયું છે.

પ્રારંભિક અંદાજ મુજબ રવી પાક ઘઉંનું અભૂતપૂર્વ ઉત્પાદન થશે. ૬૦૦૦ જેટલા ખેડૂતોને રૂા. ૭૨ કરોડ જેટલી આવક થશે. ખેડૂતોએ પોતાની વાડીમાંથી ઘઉં કાઢવા માટે હાર્વેસ્ટર નામના યાંત્રિક ઉપકરણો કામે લગાડ્યા છે. આ પ્રકારના યાંત્રિક સાધન ઠેઠ પંજાબ, હરિયાણાથી અબડાસામાં પહોંચી આવ્યા છે. અત્યાર સુધી પચાસેક હાર્વેસ્ટરો સ્થાનિકે પહોંચ્યા છે. હજી ૧૦૦ જેટલા હાર્વેસ્ટરો આવશે. અબડાસામાં છેલ્લા દોઢ-બે દાયકાથી બોર આધારિત ખેતીનો સારો વિકાસ થયો છે. અને ૩૦ થી ૩૫ ગામો વારાપધર, પ્રજાઉ, સિંધોડી, વાંકુ, રવા, ડુમરા, સાંઘવ, સાંધાણ, વરાડિયા, સહિતના ગામોમાં સીમતળની બોર આધારિત પીયતવાળી જમીનમાં રવી પાકના નામે ધરતીપુત્રોએ ઘઉંનું વાવેતર કર્યું હતું. જેનો હવે ફાલ ઊતરવાનું શરૂ થયું છે. ઘઉંના પાકને અબડાસાનું હવામાન સાનુકૂળ રહેતા વિપુલ પ્રમાણમાં ઘઉંનો ફાલ ઊતરી રહ્યો છે. પ્રતિ એકરે ૧૫૦૦ ક્વિન્ટલનો સરેરાશ ઉતાર આવી રહ્યો છે. જોકે ખેતીમાં સમયાંતરે માવજત કરનાર ખેડૂતોનો ફાલ સારો ઊતરી રહ્યો છે.

અબડાસામાં ૪૧૦૦ ખેત વિષયક જોડાણ છે. આ પૈકી તેટલા જ ખેડૂતોએ ૨૦ હજાર એકરમાં ઘઉંનુ વાવેતર કર્યુ. હતું. તો ૨૩ જેટલી નાની સિંચાઇ યોજના હેઠળ ૨૭૪ ખેડૂતોએ ૧૩૦૦ એકરમાં, ૧૦ જેટલા બંધારા આધારિત લિફ્ટ ઇરિગેશન દ્વારા ૯૨૬ ખેડૂતોએ ૭૦૦૦ એકરમાં, બે મીઠી અને જગડિયા મધ્યમ સિંચાઇ યોજનાના પિયત ક્ષેત્રમાં ૬૫૦૦ એકરમાં ૭૦૦ ખેડૂતોએ રવી પાકનું વાવેતર કર્યું હતું.

અબડાસામાં એક સમયે જળસંગ્રહના હેતુસર અને જમીનમાં ક્ષારનું આક્રમણ અટકાવવા ઝુંબેશના રૂપમાં કામ આરંભાયું હતું. જેના હવે જાણે ફળ મળી રહ્યા હોય તેમ બંધારાના કારણે જમીનમાં ખારાશ તો અટકી છે પણ આવા બંધારા મારફતે લિફ્ટ ઇરિગેશન દ્વારા પણ ખેતી થતાં ખેડૂતોને આ રીતે પણ ફાયદો મળી રહ્યો છે. જોકે, હવે જળસંગ્રહના કામોમાં સિંચાઇ વિભાગ ધ્યાન આપતું નથી.

આ વિસ્તારમાં બંધારા, મધ્યમ સિંચાઇ યોજના સહિત જળસંગ્રહના પર હજુ ધ્યાન કેન્દ્રિત કરાય તો હજારો એકર જમીન નવપલ્લવીત થઇ શકે તેવું વર્તુળોએ જણાવ્યું હતું.

**– કચ્છમિત્ર તથા જન્મભૂમિમાંથી સાભાર**


# શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી અને સાધારણ ફંડોનું ટ્રસ્ટ ફંડ

**સાંધાણ તીર્થ (કચ્છ) પીન : ૩૭૦૪૯૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૩૨૪૩**

અબડાસાની મોટી પંચ તીર્થીનું પહેલું તીર્થ સાંધાણ જે ૧૬૪ વર્ષ જુનું તીર્થ છે . જેમાં મુળનાયક શાંતિનાથજી ભગવાન બીરાજમાન છે. જે નવ ટુંક જિનાલય છે. ૨૦૦૧માં કચ્છમાં થયેલ ધરતીકંપ વખતે ટુંક નં. ૫/૬/૭ અને ૮ ને નુકશાન થયેલ તે દિવસે-દિવસે જીર્ણ થતાં સાવ જર્જરીત થઈ જવાથી તેમનો જીર્ણોધ્ધાર કરાવવા સાંધાણ સંઘે નિર્ણય લીધેલ છે. અને હાલ કામ ચાલુ છે. જેનો અંદાજીત ખર્ચ રૂા. ૩,૫૦,૦૦,૦૦૦/- જેવું થાય છે. જે કોઇ સંઘો પાસે દેવદ્રવ્યનો વધારો હોય તો આ કાર્યમાં સહભાગી થવા અમારી નમ્ર વિનંતી છે.

ચારેય દેરીના ઉત્થાપન કરેલ ૪૭ મુરતીઓ પરોણા તરીકે બાજુમાં બેસાડેલ છે. જે કોઇ સંઘોને નવા દેરાસર બનાવવા હોય અથવા કોઇ પણ મુર્તીની જરૂરત હોય તો વિનંતી કરી પરોણામાંથી લઈ જઇ શકે છે.

**સંપર્ક – ટ્રસ્ટીઓ**

**સ્થાનિક ટ્રસ્ટી**
ઉત્તમચંદ સામજી લોડાયા
99796 23532

**મુંબઈ ટ્રસ્ટી**
રાજેન્દ્ર શીવજી ચુર્લા – 9967975778
દિનેશ ડુંગરશી ધરમશી – 9323150303

**શ્રી કચ્છ સાંધાણ શાંતિનાથજી જૈન દેરાસરજી અને સાધારણ ફંડ ટ્રસ્ટના જય જિનેન્દ્ર**

# મૈંને શાયદ તુમ્હેં પહલે ભી કહીં દેખા હૈ *(જન્મભૂમિમાંથી સાભાર)*



મધુબાલા એટલે સુંદરતાની પરિસીમા, તેને 'મુગલ-એ-આઝમ'ની રંગીન વર્ઝનને જોઈ એક આધુનિક યુવતીએ કહ્યું હતું, 'કોઈ આટલું સુંદર કેવી રીતે હોઈ શકે - વૉઝ શી રિયલ ?' ફેબ્રુઆરી મહિનાને મધુબાલા વૅલેન્ટાઈન ડે એટલે કે ૧૪ ફેબ્રુઆરી (૧૯૩૩) ના દિવસે જન્મી હતી અને ફેબ્રુઆરીની જ ૨૩ તારીખે (૧૯૬૯) તેનું મૃત્યુ થયું હતું. આજે યાદ કરીએ ફિલ્મ 'બરસાત કી રાત'નું એક ગીત જે તેને માટે ફિલ્મના નાયક ભારત ભૂષણે ગાયું હતું. સાહિરના શબ્દો, રોશનનું સંગીત, મધુબાલાની મૌન છતાં વાચાળ હાજરી અને રફીનો પથ્થરને પણ ધબકતો કરે તેવો કંઠ - આટલું પ્રાણવાન ગીત અને તે પણ મધુબાલા જેવી અનન્ય સુંદરી માટે ભાવહીન ચહેરા સાથે કેવી રીતે ગાઈ નાખી શકાય - પણ ભારત ભૂષણે એ કર્યું છે! જો કે, એ જમાનો જુદો હતો, એ દર્શકો જુદા હતા અને શાયર અને કલાકાર તરીકે ભારત ભૂષણની લોકપ્રિયતા ઓછી ન હતી તે પણ યાદ રાખવું જોઈએ.

'બરસાત કી રાત' તેના સમયની અત્યંત લોકપ્રિય ફિલ્મ હતી. ફિલ્મની શરૂઆતમાં ગરીબ શાયર અમન અને વરસાદમાં ભીંજાયેલી કમિશ્નર-પુત્રી શબનમ અચાનક તૂટી પડેલા વરસાદથી બચવા એક છાપરા નીચે ભેગાં થઈ જાય છે. રાત, વરસાદ, યુવાની અને આકર્ષણ-મૂંઝવણથી ભરેલી થોડી ખામોશ ક્ષણો : ત્યાર પછી બંને એકબીજાને ભૂલી શકતા નથી. અચાનક એક કાર્યક્રમમાં ગાવા આવેલો અમન શબનમને પહેલી હરોળમાં બેઠેલી જુએ છે અને તેના કંઠમાંથી શબ્દો સરી પડે છે, 'મૈંને શાયદ તુમ્હેં પહલે ભી કહીં દેખા હૈ...'

શાયદ ? નાયકને ચોક્કસ ખબર છે કે તે જેને જુએ છે તે કોણ છે. તો પછી સાહિર જેવા શાયરે આ શબ્દ કેમ વાપર્યો ? ધ્યાનબહાર ગયું ? ના મિત્રો, સાહિરના ધ્યાનબહાર એમ કંઈ જાય નહીં. એમણે 'શાયદ' શબ્દ હેતુપૂર્વક વાપર્યો છે. શાયરને કહેવું છે કે મેં તને જોઈ છે. અત્યારે જ નહીં, વરસાદની તે રાત્રે જ નહીં, તેની પણ પહેલા જોઈ છે. કોઈક સ્વપ્નમાં, કોઈક કલ્પનામાં ક્યારેક કોઈ દેખાતું હતું, મેં કદાચ ત્યારે તને જ જોઈ હતી - અને પછીની પંક્તિઓમાં તેનો ઉઘાડ થતો આવે છે. ફિલ્મમાં મધુબાલા આ ગીત ગાતી નથી, પણ તેની આંખો અને ચહેરો ગીતના પ્રત્યેક શબ્દનો, પ્રત્યેક ભાવનો જે પ્રતિસાદ આપે છે તેમાં ગીતની મઝા છે.

'બરસાત કી રાત' સંગીતકાર રોશનની પહેલી મેજર હીટ હતી. 'જિંદગીભર નહિં ભૂલેગી', 'ગરજત બરસત સાવન આયો રે', 'મુજે મિલ ગયા બહાના તેરી દિદ કા' અને 'ના તો કારવાં કી તલાશ હૈ' જેવી ચાર કવ્વાલીઓ આપી રોશન

*કહો, ડૂબી ગયેલી સર્વ હોડી કેમ ભૂલી જઉં? અને આ જિંદગી થઈ ગઈ બે કોડી, કેમ ભૂલી જઉં?*
*'અમોને કેમ ના રોક્યા?' કરીને હક હવે લડતા, વિનંતીઓ કરી'તી હાથ જોડી, કેમ ભૂલી જઉં?*
*નથી ને તે છતાં વાગ્યા કરે છે હર કદમ બધ્ધે, ગયા છે આયના બધ્ધા જ ફોડી, કેમ ભૂલી જઉં?*

છવાઈ ગયા હતા. સાહિરના શબ્દો ઈશ્કને સૂફી ઊંચાઈ આપી ગયા હતા. 'બરસાત કી રાત'માં સરસ પ્રેમકથા અને યાદગાર સંગીત ઉપરાંત પ્રભાવશાળી પાત્રો, સુંદર માવજત અને હૃદયસ્પર્શી સંવાદો પણ હતા.

આ ફિલ્મ મધુબાલાની અંતિમ ફિલ્મોમાંની એક હતી. પ્રેમી સાથેના સંબંધોનો અંત આવી ગયો હતો. તાજાં કરેલાં લગ્ન જામતાં ન હતાં. રોગે પોતાનો ભયાનક ચહેરો દેખાડવા માંડ્યો હતો, પણ આ ગીતમાં ક્યાંય એ બધા બનાવોની છાયા સુધ્ધાં નથી. તેમાં તો દેખાય છે એક મુગ્ધ, સ્વપ્નભરી, ન્યોચ્છાવર થવાનું મન થાય તેવી ''ખયાલોં કી પરી''. એ જ વર્ષે તેની 'મુગલ-એ-આઝમ' પણ આવી - જેની સાથેના સંબંધો તૂટી ગયા હતા તેની સાથે મધુબાલાએ પડદા પર એવો પ્રેમ કરી બતાવ્યો કે લોકો ભૂલી ન શક્યા. કેટલું પ્રોફેશનાલિઝ્મ, પોતાના પર કેવો અદ્ભુત અંકુશ! બહુ ઓછા જાણે છે કે ભારતમાં અત્યંત લોકપ્રિય મધુબાલા હોલીવૂડમાં પણ 'ધ બિગેસ્ટ સ્ટાર ઈન ધ વર્લ્ડ' તરીકેની ઓળખ પામી હતી. પ્રસિદ્ધ ફિલ્મસર્જક ફ્રાન્ક કાપ્રા મુંબઈ આવ્યા ત્યારે મધુબાલાને મળ્યા હતા. પિતાએ પરમિશન આપી હોત તો 'વિનસ ઑફ ઈન્ડિયન સિનેમા' અને 'ભારતની મેરેલિન મુનરો' કહેવાતી મધુબાલા હોલીવૂડ સ્ટાર બની હોત.

તો આ હતી મધુબાલા. બોલ્યા વિના ઘણું કહી શકતી આંખોવાળો એ સુંદર ચહેરો અમસ્તો દંતકથા નથી બની ગયો. અનુપમ સૌંદર્ય ને રમતિયાળ સ્વભાવ પર કરુણતા અને રહસ્યનું આછું આવરણ એ મધુબાલાની પહેચાન છે. કોણ નથી

**'મૈંને શાયદ તુમ્હેં પહલે ભી કહીં દેખા હૈ...'**

અજનબી-સી હો મગર ગૈર નહીં લગતી હો
વહમ સે ભી જો હો નાજુક વો યકીં લગતી હો
હાય યે ફૂલ સા ચહેરા યે ઘનેરી જુલ્ફેં
મેરે શરોં સે ભી તુમ મુજ કો હસીં લગતી હો

દેખ કર તુમ કો કિસી રાત કી યાદ આતી હૈ
એક ખામોશ મુલાકાત કી યાદ આતી હૈ
જહ્નમેં હુસ્ન કી ઠંડક કા અસર જાગતા હૈ
આંચ દેતી હુઈ બરસાત કી રાત યાદ આતી હૈ

જિસ કી પલકેં મેરી આંખો પે ઝુકી રહતી હૈ
તુમ વહી મેરે ખયાલોં કી પરી હો કિ નહી
કહીં પહલે કી તરહ ફિર તો ન ખો જાઓગી
જો હંમેશા કે લિયે હો વો ખુશી હો કિ નહી

જાણતું તેની કહાણી? નાની ઉંમરથી પરિવારનું ભરણપોષણ કરવા ફિલ્મોમાં ધકેલાવું, સૌંદર્યના કૅફમાં ને પિતાના કઠોર શાસનમાં જીવવું, સફળતા અને પ્રેમસંબંધોનો તૂટતો-છૂટતો દોર, પ્રતિબંધો વચ્ચે પાંગરેલી પણ પૂર્ણ ન થઈ શકેલી પ્રેમકહાણી, જીવલેણ રોગ, અચાનક કરેલાં લગ્નમાં મળેલી નિષ્ફળતા અને અકાળ મૃત્યુ - મધુબાલાની આ કહાણી કોઈ રહસ્ય - રોમાંચથી ભરેલી ફિલ્મ કરતાં ઓછી દિલધડક નથી. મધુબાલાને જોઈ આપણને પણ કહેવાનું મન થાય, 'અજનબી-સી હો મગર ગૈર નહીં લગતી હો' અને યાદ આવે સાહિરની પંક્તિ 'શમા હો યા પરવાના, સહર તક સબ કા અંજામ હૈ જલ કર રાખ હો જાના.'

***

*હૃદયને જીદ છે અક્ષરશઃ વાતો લખું એની, બચી છે જિંદગી આ માંડ થોડી, કેમ ભૂલી જઉં?*
*મળું છું બધાને પણ તમે છુટ્ટા પડ્યા જ્યાંથી, ગયો છું હું મને પણ ત્યાં જ છોડી, કેમ ભૂલી જઉં?*
*- હર્ષ બ્રહ્મભટ્ટ*

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### મા. કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહ ઉદ્યોગ

વાલગીરી/કુમઠાના દેરાસરોની ધ્વજારોહણ પ્રસંગે મહિલા ગૃહ ઉદ્યોગની બહેનો, સ્ટાફ તથા કમિટિ મેમ્બરો સાથે મળીને ૧૬-૨-૨૦૧૮ના પ્રવાસો ગયા હતા. કુર્લા ટર્મીનસથી બપોરના ટ્રેન દ્વારા રવાના થઈને ૧૭-૨-૨૦૧૮ના સવારના કુમઠા તીર્થે પહોંચી. નવાકારશી બાદ, બન્ને દેરાસરોમાં અઢાર પૂજા અને બન્ને દેરાસરોમાં ધ્વજારોહણ થયેલ હતા. આ બધા કાર્યક્રમના લાભ મંડળની બહેનોને મળ્યા હતા. પ્રોગ્રામ પત્યા બાદ બસ દ્વારા મુરુડેશ્વરમાં ભગવાન શંકરના દર્શને અને ત્યારબાદ, અતિપ્રાચીન સુબ્રમણિઅમ સ્વામીના મંદિરે ગયા હતા. ૧૯-૨-૨૦૧૮ના વાલગીરીમાં આપણી વાડીમાં જઇને અલગ અલગ ઝાડોની માહિતી લીધી હતી. ૨૦-૨-૨૦૧૮ના પરત આવ્યા હતા. યાત્રા પ્રવાસમાં ખૂબ આનંદ માણ્યો હતો. યાત્રા પ્રવાસમાં શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટે ઉતારા અને કાર્યક્રમની અત્યંત સુંદર વ્યવસ્થા કરેલી હતી.

### છ ગાઉ જાત્રા અનંતનાથજી કૉમ્પલેક્સ, કાંજુરમાર્ગ

પૂ. સાધ્વીશ્રીજી જયદર્શીતા મ.સા.ની પ્રેરણાથી અનંતનાથ કૉમ્પલેક્સમાં છ ગાઉ યાત્રાનું આયોજન પ્રથમવાર કરેલ. વિવિધ ગહુલી અને અષ્ટમંગલ ગહુલીથી દેરાસરની સજાવટ કરવામાં આવેલ. સારી સંખ્યામાં ભાવિકાઓ લાભ લીધેલ. સેવ-બુંદીની પ્રભાવના સંઘ તરફથી કરવામાં આવેલ હતી. રૂા. ૨૫ સંઘપૂજન કરવામાં આવેલ. રાત્રે વિમલનાથ દાદાની ભક્તિભાવના રાખેલ તેમાં સારી રમઝટ જામી.

### અનંતનાથજી કોમ્પલેક્સ સામાયીક મંડળ - કાંજુરમાર્ગ

અનંતનાથજી સામાયિક મંડળની બેનો ૧૧-૨-૨૦૧૮થી ૧૬-૨-૨૦૧૮ ગુજરાત પંચતીર્થી યાત્રાએ ગયેલ હતા. જગડીયાજી, ભરૂચ (સમડીવિહાર) ભરૂચમાં સાધર્મિક ભક્તિનો લાભ શા. કાનજીભાઈ મણીલાલ ધુમ (નાગડા પરિવાર) એ લીધો હતો.

અણસતુ, સુમેરૂ, વણછરા, કાવી, ગંધાર, જંબુસર, આમોદ, ડભોઈ, ખંભાત, ચંદ્રમંગલ, મણીલક્ષ્મી તીર્થ યાત્રા, દરમ્યાન બિસ્લેરી પાણીના લાભાર્થી માતુશ્રી કુંવરજી વસનજી માયા મોતા (વિક્રોલી વાળા) એ લાભ લીધેલ હતો આ આયોજન અનંતનાથજી કોમ્પલેક્સ સામાયીક મંડળે કરેલ હતો.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, દલતુંગી

શ્રી અજિતનાથ સ્વામી ભગવાનની ૧૧૫મી ધ્વજા મહોત્સવ ૨૦-૪-૨૦૧૮ના નિર્ધારિલ છે. સર્વે ગામવાસી ભાઈ બહેને તથા નિયાણી દિકરીઓને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે. સત્તરભેદી પૂજા તથા અઢાર અભિષેક (નકરા રૂા. ૧૧૧૧/-) રાખેલ છે. બપોરના સ્વામી વાત્સલ્ય સંઘ તરફથી રાખેલ છે. વધારે સંખ્યામાં પધારવા આગ્રહભરી વિનંતી. સ્વામી વાત્સલ્યનો નકરો રૂા. ૨૫૦૦/- રાખેલ છે.

સર્વે સાધારણ દેરાસર નિભાવ ફંડ રૂા. ૩૦૦૦/- (વર્ષ ૨૦૧૮-૨૦૧૯) લેખે નામો લખવાનું ચાલુ છે. અત્યાર સુધી ૬૩ નામો આપેલ છે. સર્વેને લાભ લેવા નમ્ર વિનંતી.

### ડાઘા માલદે ખેલાણી પરિવાર - દલતુંગી

કુળદેવી મોમાઈ માતાજીની ૯મી ધ્વજા વૈશાખ સુદ ૬ના ૨૧-૪-૨૦૧૮ના સવારના ૯ કલાકે દલતુંગી મુકામે રહેશે. ધ્વજાનો આદેશ માતુશ્રી લક્ષ્મીબેન હીરજી લખમશી માલદે પરિવારે લીધેલ છે. સાંજે ધોતનો કાર્યક્રમ રહેશે જેની નોંધ લેવા કુટુંબીજનોને વિનંતી.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણા થી ટ્રસ્ટની સ્થાપના થયેલ અને પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો ખૂબજ સરળતાપૂર્વક ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન

---

**સુધારો :**

પ્રકાશ સમીક્ષા અંક નં. ૯માં કલીકટના અહેવાલમાં હેડીંગમાં કલિકટ નગરે 'સોનાનો સૂરજ ઉગ્યો' એમ વાંચવું.


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


કરાવવાના કાયમિતિથિના દાતાઓના નામ : ૧) માતુશ્રી વિજયાબાઇ દેવજી પટેલ (હસ્તે - વિરચંદ ભાટે, વિજયાબાઈ દેવજી પટેલ - ચાલીસગામ), ૨) નરેન્દ્ર પી. મૈશેરી (હસ્તે રાહુલ અને નિરંજન મૈશેરી - કોપરખેરને), ૩) શ્રીમતી પ્રેમીલા પ્રમોદ વિરચંદ મોમાયા (ઘાટકોપર), ૪) ઝવેરચંદ વેલજી મોમાયા (હસ્તે - દલેશભાઈ - ચાલીસગામ), ૫) વિશનજી આણંદજી મોમાયા (હસ્તે - સુંદરબાઈ - કોચીન), ૬) ઇન્દિરાબેન પદમશી ધરમશી (હસ્તે - તિલોતમા રાજેન્દ્ર લોડાયા - ચાલીસગામ), ૭) માતુશ્રી હિરબાઈ માણેકજી નરશી લોડાયા (ગુંદરવાલા - હસ્તે વિજયભાઈ - કેનેડા), ૮) માતુશ્રી લક્ષ્મીબાઈ દેવજી કેશવજી લોડાયા (હસ્તે - વિજયાબેન, વિરચંદ ભાટે - ચાલીસગામ), ૯) શા. નેણશી કુંવરજી માડણ લોડાયા (હસ્તે - લક્ષ્મીબેન નેણશી લોડાયા - ચાલીસગામ), ૧૦) પુર્ણિમાબેન પદમકુમાર નાગડા (હુબલી), ૧૧) હિરાબાઈ માણેકજી લોડાયા (થાણે), ૧૨) આશારિયા ચત્રભુજ લોડાયા (અંકલેશ્વર), ૧૩) સૌ. પદમિની દર્શન શાહ (મુલુંડ).

### શ્રી સુમતિનાથ જિનાલય, શાહપુર

શાહપુરના માનસ મંદિરની નજદીકના વિસ્તારમાં ડ્રીમલેંડ રીસોર્ટમાં શ્રી સુમતિનાથ જિનાલયમાં ફક્ત એક મૂર્તિ અત્રે ચંપધાતુના શ્રી પાર્શ્વનાથ તથા શ્રી શાંતિનાથ બિરાજે છે. મનોહર, દર્શનીય અને પૂજનીય છે. સ્નાત્ર તેમજ મોટી પૂજાઓ ભણાવવાની સુવિધાઓ છે. મહિલા મંડળો માટે અનુકૂળ છે. સ્વચ્છ સુંદર પરિસર તેમજ પુજારીની સંપૂર્ણ મદદરૂપ થવાની ત્થાપના નોંધનીય છે.

### શ્રી વાસૂપૂજ્ય જિનાલય નિઝામાબાદ

નિઝામાબાદના એક માત્ર શ્રી વાસૂપૂજ્ય જિનાલયે પરગામના દર્શનાર્થીઓની આવન જાવન ચાલુ છે. સંઘના પૂણોદયે ૬૦ સાધુ ભગવંતો પધાર્યા જેમની વૈય્યા વચ્છનો અનુપમ લાભ શ્રી સંઘને પ્રાપ્ત થયો. અર્ધ શતાબ્દી પ્રતિષ્ઠા મહોત્સવના લાભાર્થીઓના નામો મોટા અક્ષરોમાં કોતરી પુરૂં બોર્ડ ભીંતે લગાડવામાં આવ્યું છે. દેરાસરના પગથિયે ચડતાં ઉતરતાં વંચાય છે. ચૈત્ર યા આસો માસની આયંબીલની ઓળીનો લાભ લેવા જેવો છે. ઉત્સુક જ્ઞાતિજનો યા સંયોજકો સ્થાનિક ટ્રસ્ટી યા પદાધિકારીનો સંપર્ક કરવા વિનંતી. હૈદરાબાદ કે કુલપાકની યાત્રા સાથે શ્રી વાસુપૂજ્ય જિનાલયે દર્શન પૂજાની તક છોડવા જેવી નથી.


**VACANCY FOR KDO ONLY**
**(MALE / FEMALE)**

Require Import Documentation Executive having knowledge of import documentation procedures. Candidate should be Computer Literate with good English Conversation with shipping line & clients.

Contact : **Rahul Poladia - 99758 30394**


### શત્રુંજય એકેડમી આયોજીત
### શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

જિનશાસનના સામાન્ય જ્ઞાનથી માંડીને સૂક્ષ્મ આત્મિક તત્વજ્ઞાનના રહસ્યોને સમજાવતા શ્રી શત્રુંજય મુક્તિ-સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ સફળતા પૂર્વક છ વર્ષ પૂર્ણ કરી સાતમા વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. ત્રણ વરસનો B.J. (Bachelor of Jainism) આગળ બે વરસનો M.J. (Master of Jainism) નો અને આગળ D.J. (Doctor of Jainism) નો અભ્યાસ કરાવવામાં આવે છે. આજ સુધી અમને સારો એવો પ્રતિસાદ શ્રી ચતુર્વિધ સંઘ તરફથી મળેલ છે. સાધુ-સાધ્વીજી ભગવંતો સાથે હજારો વિદ્યાર્થીઓને લાભ મળેલ છે. છેલ્લા વરસે બે સાધ્વીજી ભગવંત સહ ત્રણ વિદ્યાર્થીઓએ D.J. માં પ્રવેશ મેળવેલ છે.

આપ જો હજી સુધી અભ્યાસક્રમમાં ન જોડાયા હો તો અવશ્ય જોડાઇને જીવન સફળ કરવા હાર્દિક આમંત્રણ છે. પ્રવેશ ૧૫ માર્ચથી પ્રારંભ થાય છે. પ્રવેશ માટે સંપર્ક : Website : shatrunjayacademy.com, શિલ્પાબેન અજાણી - 9821113338 (ઘાટકોપર તથા અંધેરી), લતાબેન વિકમશી - 9323944117 (મસ્જિદ બંદર)

### આ તે સગાઇ કે ઠગાઇ ?




પ્રકાશ સમીક્ષાના ૫-૩-૨૦૧૮ના અંકમાં આવેલ લેખ વાંચ્યો. લગ્નની તૈયારીઓ બધી થઈ ગઇ પછી સગાઇ તુટે છે. જો છોકરી ભણેલી હોય અને ગણેલી પણ હોય તો તેની ફરજ બને છે કે જો છોકરાની આવક વધારે ન હોય તો તેના ધંધામાં અથવા નોકરીયાત હોય તો નોકરી કરીને પણ છોકરાને આગળ લાવી શકે છે. છોકરીના માતા-પિતા પણ છોકરીની વાતમાં આવી સગાઈ તોડવા તૈયાર થઈ ગયા. ભૂતકાળમાં પણ એવું થયું છે તેનો અર્થ એ કે તેઓએ પુરો વિચાર કર્યો નથી.

આ લેખ પરથી લાગે છે કે છોકરા તથા છોકરીના સગા સંબંધીઓ સાથે મળીને સમજાવટ થી ગેરસમજ બધી દુર કરીને પાછો બન્નેને એક કરે. કારણ કે લેખ પરથી લાગે છે કે બધી વાતો ફોન પરજ થયેલ છે અને રૂબરૂમાં વાત થાય તો ગેરસમજ દુર થાય. કંકોત્રી ઓ છપાઇ ગઇ છે. હોલ તથા લગ્નની તારીખ નક્કી થઈ ગઇ છે તો તારીખ પતી ન હોય તો આ તારીખ પહેલા જ સમજાવટ થઈ જવી જોઇએ. બને પક્ષે થોડી બાંધ છેડ કરવી જોઇએ.

**- બહારગામના એક જ્ઞાતિજન**

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬-૦૧-૧૮ | લોકાપુર | લાવણ્યા, સવિતા ઉમેશ ધરમશી | સુથરી | પુત્રી |
| ૦૯-૦૨-૧૮ | હાલોલ | યશ, ધારા ભાવિન નાગડા | કોઠારા | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૩-૧૮ | ડોમ્બીવલી | સમીર નરેશ કલ્યાણજી લોડાયા | મંજલ રેલડીયા | ૨૬ |
| | માણાવદર | સ્નેહલ મહેશ વિસનજી છેડા | નલિયા | ૨૪ |
| ૧૮-૦૩-૧૮ | ધુલિયા | આકાંક્ષ મયુર લક્ષ્મીચંદ મોમાયા | સાંયરા | ૨૮ |
| | કુમઠા | રીનલ રાજેન્દ્ર હંસરાજભાઈ ડાઘા | વરાડીયા | ૨૭ |
| ૧૮-૦૩-૧૮ | જાલના | કરણ રાજેન્દ્ર રતિલાલ પોલડીયા | બાયઠ | ૨૬ |
| | ચાલીસગામ | જાગૃતિ સુરેન્દ્ર લક્ષ્મીચંદ લોડાયા | વારાપધર | ૨૬ |
| ૨૦-૦૩-૧૮ | ડોમ્બીવલી | દિપક રાજેશ શામજી લાપસીયા | રંગપુર | ૨૬ |
| | અહમદાબાદ | ચાંદની વીરેન્દ્ર દામજી છેડા | સુથરી | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૦૨-૧૮ | ડુમરા | નિરવ જવેરચંદ રતનશી ખીમસરીયા | ડુમરા | ૨૪ |
| | ભુજ | ખ્યાતિ હીરેન વિશનજી કુંવરજી પોલડીયા | ગોએરસમા | ૨૧ |
| ૧૭-૦૨-૧૮ | બ્રીચ કેન્ડી | આદિત્ય જીનેન્દ્ર રતીલાલ ધરમશી | સુથરી | ૨૮ |
| | બાંદ્રા | અસીમા રચનેશ ચાવલા | જયપુર | ૨૬ |
| ૧૮-૦૩-૧૮ | મુલુંડ | ખુશ મહેશ રામજી ડાઘા | વરાડીયા | ૨૭ |
| | મુલુંડ | નિધિ જીતેન ભાવચંદ મહેતા | ગધકડા | ૨૪ |
| ૧૮-૦૩-૧૮ | સીવુડ | રોનક મહેન્દ્ર વિસનજી મોતા | નલિયા | ૨૯ |
| | ડોમ્બીવલી | જીલ સુનીલ લાલજી છાવડા | બાડા | ૨૫ |
| ૧૮-૦૩-૧૮ | ભુલેશ્વર | ભાવિન ભરતકુમાર બાબુલાલ શાહ | તલોદ | ૨૮ |
| | ડોમ્બીવલી | મયુરી કમલેશ શામજી લોડાયા | દલતુંગી | ૨૫ |
| ૧૮-૦૩-૧૮ | મુલુંડ | રૂપેશ રાજેશ ચંપકલાલ શાહ | કુંભણ | ૨૫ |
| | મુલુંડ | યામિની યોગેશ ધનજી ધુલ્લા | કોઠારા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૨-૧૮ | મુલુંડ | ચિંતન સુનીલ દેવજી છેડા | રાયણ | ૨૮ |
| | મુલુંડ | જીનલ ચાંપશી ડુંગરશી હેફા | જખૌ | ૨૭ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૨-૧૭ | સાયન | પુનીત કસ્તુરચંદ દામજી દંડ | વરાડીયા | ૩૩ |
| | મુલુંડ | માનસી હરીશ ઝવેરચંદ ધુલ્લા | તેરા | ૩૦ |
| ૦૯-૦૨-૧૮ | મુલુંડ | ભાવિન હિરણકુમાર ધનજી ભેદા | વારાપધર | ૨૯ |
| | મુલુંડ | તનવી હરીશ ઝવેરચંદ ધુલ્લા | તેરા | ૨૮ |
| ૧૯-૦૨-૧૮ | ગદગ | હાર્દિક વિજય પ્રવિણચંદ્ર લુઠીયા | નાની ખાવડી | ૨૭ |
| | ડોમ્બીવલી | સુધા યોગેશ મુલચંદ દંડ | ભરૂડીયા | ૨૭ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૩-૧૮ | લોનાવલા | (મેજર) વીરલ સુભાષચંદ્ર મોમાયા | ડૂમરા | - |
| | - | અર્ચના અનિલકુમાર શર્મા | નલબારી/આસામ | - |

### છુટાછેડા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૨-૧૮ | ડોમ્બીવલી | મનન પ્રફુલચંદ્ર નાગડા | નલિયા | ૨૯ |
| | રાજકોટ | કાજલ વિરચંદ શાહ (કાજલ જયચંદ લોડાયા) | નલિયા | ૨૯ |

### ધર્મસંદેશ - ૧૧૯ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૧) રામપોળ (૪) સાંચોર (૫-એ) જન (૬) જિનાલય
(૮) તિવિહાર (૧૦) હીરસૂરીજી (૧૩) રથ (૧૪) પાણી
(૧૫) ગંધાર (૧૭) ગણધર (૨૦) સતી (૨૧) રસ (૨૨) રાયણ
(૨૫) બે (૨૬) વહી (૨૭) સો (૩૧) વિષ્ણુદેવી (૩૨) દમયંતી

ઊભી ચાવીઓ -
(૧) રાજગૃહી (૨) મન (૩) જલ (૫) ચોવિહાર (૬) જીનજી
(૭) યતિ (૯) રથ (૧૧) સૂતર (૧૨) લુણીગવસહી (૧૫) ગંભીરા
(૧૬) મોતીશા (૧૮) ધરણેન્દ્ર (૧૯) રસ (૨૩) યક્ષ (૨૪) વાયુભૂતિ
(૨૮) વિષ્ણુ (૨૯) કાવી (૩૦) સુદ

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા
# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા

## ભાવપૂર્ણ ઋણાંજલી...



માતૃભૂમિ
નલીયા

કર્મભૂમિ
ભાંડુપ

## શ્રી ભાગ્યચંદ હિરજી પટેલ (નાગડા)

**ધર્મમય જીવનયાત્રા : તા. ૧૪-૨-૧૯૩૫ થી તા. ૧૯-૩-૨૦૧૮**

સતત ૫૦ વર્ષથી નલીયા પાંજરપોળ - ગૌશાળા સાથે જોડાયેલ
અબોલ પશુઓ માટે શાતા અને હુંફનો ખોળો પાથરનાર
સંસ્કારની સુરભી વહાવી જીવદયા ક્ષેત્રે અમાપ યોગદાન આપી
સમાજ માટે ઋણ અદા કરનાર
શ્રી ભાગ્યચંદભાઇને નતમસ્તકે શ્રદ્ધાંજલી...

**: લી. :**

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - નલીયા**
**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા**
**ટ્રસ્ટબોર્ડ**

# ઔર ભી હૈ રાહેં



કુ. ખ્યાતિ દિપ્તીબેન - અનીલ ભવાનજી ધરમશી
ગામ : બાયઠ

ધોરણ ૧૦ અને ૧૨ પછી મોટા ભાગે વિદ્યાર્થીઓ આગળના અભ્યાસ માટે સાયન્સ, આર્ટસ્, કોમર્સ, એન્જિનીયરીંગ, મેડીકલ જેવા પ્રચલિત ક્ષેત્રોમાં જતા હોય છે. છતા પણ કારકીર્દી માટે ઉઘડી રહેલા નવા ક્ષેત્રો તથા વડીલોના પ્રોત્સાહનના પરિણામે કેટલાક વિદ્યાર્થીઓ અલગ ક્ષેત્રોની પણ પસંદગી કરે છે. આવી પરિસ્થિતિમાં પણ કોઈ કે.ડી.ઓ. વિદ્યાર્થીએ સોશ્યલ વર્ક ક્ષેત્રે પધ્ધતિસરના અભ્યાસ માટે પ્રયત્ન કર્યો હોય એવું મારાં ધ્યાનમાં નથી આવ્યું કારણ કે આપણે માનીએ છીએ કે ઉમરના અમૂક વર્ષો પછી અથવા નિવૃતિ પછી જ સમાજ સેવા કરવાની હોય છે.

ખૂબજ હર્ષ સાથે જણાવું તો બાયઠના અનીલ ભવાનજી ધરમશી તથા દિપ્તીબેનની સુપુત્રી કુ. ખ્યાતિએ ગ્રેજ્યુએશન પુરૂં કર્યા પછી ગાંધી ફેલોશીપ યોજના હેઠળ બે વર્ષનો સ્પેશિયલ કોર્સ કર્યો છે જેમાં યુવાનો સ્થળ ઉપર રહીને સમાજ સેવાના પોતાના વિચારોને પ્રયોગમાં લાવીને પોતાના તથા અન્ય લોકોના જીવનમાં પરિવર્તન લાવવા પ્રયત્નો હાથ ધરે છે.

પ્રકાશ સમીક્ષા વતીથી ખ્યાતિ સાથે ટેલિફોનિક ઇન્ટરવ્યુ દરમ્યાન થોડોક ખટકાટ અનુભવતી ખ્યાતિએ જણાવ્યું કે તેણે હજુ તો લાંબા માર્ગપર ફક્ત શરૂઆત કરી છે. કે.ડી.ઓ. યુવાનો માટે નવા વિકલ્પો અંગે માહિતી આપવાના મારા પ્રસ્તાવને વધાવી ખ્યાતિએ પોતાના સોશ્યલ વર્ક પ્રોગ્રામ વિશે ઉપયોગી વાતો જણાવી જે ખૂબજ રસપ્રદ છે.

મુંબઈમાં અભ્યાસ દરમ્યાન ખ્યાતિ ધર્મભારતી મિશન તથા માનવ સેવા સંઘ સાથે જોડાઇ હતી. અભ્યાસ કરવામાં મુશ્કેલી અનુભવતા બાળકો માટે કશુંક કરવાની ઇચ્છા તેના મનમાં હતી એટલે તેણે પ્રાથમિક સ્તરેથી શરૂ કરવા માટે ગાંધી ફેલોશીપ યોજનામાં પ્રવેશ મેળવવા ઇન્ટરવ્યુ આપ્યા. તેના ખંતને કારણે કારણે ઇ.સ. ૨૦૧૪માં ખ્યાતિની પસંદગી ગાંધી ફેલોશીપ માટે થઈ અને રાજસ્થાનના જુનજુનુ સ્થિત સેન્ટરમાં નિયુક્તિ મળી. ૭ યુવાનોના ગ્રુપ્સને ઉદયપુર આસપાસના ગામડાંઓની ૩૫ શાળાઓ સોંપવામાં આવી. દરેક તાલીમાર્થીએ પાંચ ગામડાંની પાંચ સ્કુલોની જવાબદારી સોંપાઇ અને તેઓએ શાળાના આચાર્ય, શિક્ષકો, અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કરી જરૂર જણાઇ ત્યાં શિક્ષકોને તાલીમ પણ આપી. પ્રારંભમાં શાળાના આચાર્યોએ યુવાનોને તેમની ઉમર જોઇને સહકાર આપવામાં ખચકાટ અનુભવ્યો પરંતુ થોડા સમય પછી તેમને ટીમના સભ્યો તરીકે સ્વિકાર્યા. ગાંધી ફેલોશીપ પ્રોગ્રામ દ્વારા યુવાનોને શાળાના આચાર્યો સાથે જોડાવું, શિક્ષકોને તાલીમ આપવી જેવી બાબતોમાં માર્ગદર્શન મળતું હતું. ખ્યાતિએ નાના ગામડાંમાં અપૂરતી સુવિધાઓ વચ્ચે, વાહન તરીકે મોટરસાઇકલનો ઉપયોગ કર્યો અને રાજસ્થાનથી તીવ્ર ગરમી તથા કાતિલ ઠંડીની વિસમતાઓ વચ્ચે પોતાનું કાર્ય કર્યું.

૭ તાલામાર્થીઓ પાંચ મહિના ભાડાના ઘરમાં રહ્યાં. તથા ૧ મહિના માટે પોતાની રીતે ગામડાનાં રહીને સોશ્યલ વર્કની તાલીમ લીધી. ખ્યાતિએ ગ્રામિણ લોકોનું જીવન સુધારવા અંગેના મદદગાર જુથમાં કામ કર્યું.

આ તાલીમ કોર્સની સમાપ્તિ પછી ખ્યાતિ દિલ્હીમાં મુખ્ય મથક ધરાવતી સેવા સંસ્થા 'ગુંજ' સાથે જોડાઇ. 'ગુંજ' આકસ્મિક સમયે રાહત કામગીરી, માનવીય સહાય તથા સમાજ સુધારણા માટે પ્રવૃત્ત સંસ્થા છે. ૧૯ વર્ષ જૂની સંસ્થા 'ગુંજ'માં ૩૦૦ થી વધુ વ્યક્તિઓ કાર્યરત છે. મુખ્યત્વે ઉપયોગમાં ન લેવાતો ઘર સામાન એકત્રિત કરીને ગ્રામીણ વિસ્તારોમાં પહોંચાડવાનું કાર્ય 'ગુંજ' કરી રહી છે. ખ્યાતિ અહીં પ્રોજેક્ટ મેનેજમેન્ટ સંભાળે છે. ખ્યાતિ આગળ સાયકોલોજીમાં માસ્ટર ડીગ્રી મેળવવાની ઇચ્છા ધરાવે છે.

પ્રકાશ સમીક્ષા તરફથી ખ્યાતિને અભિનંદન તથા સમાજ સેવા ક્ષેત્રે ઉજ્જવલ ભવિષ્યની શુભકામનાઓ...

– CA હિરાચંદ દામજી દંડ, મંજલ રેલડીયા
E-mail : hirachanddand@gmail.com

## NOVEMBER 2017 — BOAT PARTY (CHILDREN'S DAY CELEBRATION)





## DECEMBER 2017 — TRADE & FUN FAIR 2017





## DECEMBER 2017 — WOMEN'S BOX CRICKET 2017





## JANUARY - 2018 — JAZBAA - EK SHAAM DESH KE NAAM 2018





## 2016-2018 — TEAM VS




C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (26-03-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

શિતિજ ની પેલે પાર તાગવાની દ્રષ્ટિએ આપશ્રી એ ઉચ્ચિત માર્ગદર્શન અને વ્યવહારુ સૂચનો આપી હર સુકાર્યએ અમારી પીઠ થાબળી ઉત્સાહિત રાખ્યા તે શેહ ભુલાય વડીલો? હર કાર્યે આપની દીર્ગ દ્રષ્ટિ અમારી સંશ્થા માટે દીવાદાંડી સાબિત રહી.

આપણી સંસ્થાના શિક્ષણયાત્રી મોભી વડીલ શ્રી શિવજીભાઈ વિકમશી ના આઘાતજનક અવસાને વિધાર્થીસંઘ ને જબ્બર ખોટ પડી. શિવજીભાઈ વિધાર્થીસંઘ ઇતિહાસ ના અમર અને આગવું પ્રષ્ટ રહ્યા જેની નોંધ લેવીજ પડે. અમારા કાર્યકાલ દરમ્યાન અમારાથી જાણતા કે અજાણતા કયાં પણ અવિવેક કે અપરાધ થયો હોય તો અમને આપના બાળકો સમજી માફ કરશોજી. આપણી આ માતૃસંસ્થા માટે નિર્મલ પ્રેમ અને ન્યોછાવરી એવી ને એવી જ 'લહેર' થી વરસાવી જ્ઞાતિએ સેવેલા લક્ષને સાર્થક કરશો એજ અપેક્ષા.

અંતે એટલુજ કહેશું કે

"ઉજલા હુઆ બાગ હરિયાલા બનાના આસાન હૈ,
મુર્ઝા હુઆ ફુલ વાપસ ખિલાના આસાન હૈ,
સબકુછ ભુલાના આસાન હૈ,
લેકિન આપ સબકી દિલેરદાતારી ભુલાના મુશ્કિલ હૈ."

ધબકતી સલામે... લીખીતન...શ્રી ક.દ.ઓ. વિધાર્થીસંઘ, મુંબઈ.

## વ્યવસ્થાપક સમિતિ ૨૦૧૬-૧૮


તેજસ મહેન્દ્ર ખોના
ભાંડુપ (જખૌ)
(પ્રમુખ)


ઉર્વેશ ભરત છેડા
કાંજુરમાર્ગ (નલિયા)
(ઉપપ્રમુખ)


હેમીલ જયેશ દંડ
ઘાટકોપર (વરાડિયા)
(માનદમંત્રી)


અર્પણ ફાલ્ગુન ખોના
ભાંડુપ (નલિયા)
(કોષાધ્યક્ષ)


મિત્તલ તિલેશ ધરમશી
મસ્જીદ (સુથરી)
(સહ-માનદમંત્રી)


અંકિત તિલક લોડાયા
ડોંબિવલી (તેરા)
(સહ-કોષાધ્યક્ષ)


એકતા ઉદયન લોડાયા
મુલુંડ (મોટી-સિંધોડી)
(સહ-કોષાધ્યક્ષ)


દેવાંગ હંસકુમાર નાગડા
ભાંડુપ (નલિયા)
(કારોભરી સભ્ય)


રિષભ નીતિન મોતા
ડોંબિવલી (કુઆપધર)
(કારોભરી સભ્ય)

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,